Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कालो दुस्तर आगतो जनमनो भोगेषु मग्नं भृशम् ।
धर्मो विस्मृत आत्मरूपमहहा न ज्ञायते केनचित् ॥
धावन्तीह जना धनाय बहुशः कामाहतास्तद्हृदि ।
'आत्मानन्द प्रकाश' दीपकिरणं प्राप्नोतु शश्वत्पदम् ॥ १ ॥

पु. २०. | वीर सं. २४४८ आश्विन. आत्म सं. २७ | अंक ३ जो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ શ્રી વીર સ્તુતિ. | ...૫૫ | યોગ્ય નિયમો. | ...૬૫ |
| ૨ સુખ દ્રસ્ય. | ...૫૬ | ૭ હિન્દની પુત્રીઓએ શૂર લાવવું જોઇએ ? | ...૬૭ |
| ૩ ધર્મ–જીવનનું ઉપાદાન. | ...૫૬ | ૮ સમાલોચક. | ...૬૮ |
| ૪ એક પુણ્ય સ્મૃતિ. | ...૬૩ | ૯ મધ્યમ અવસ્થાનો ઉપયોગ... | ...૭૧ |
| ૫ આરોગ્ય રાખવા સંબંધી સહુએ સાવચેત રહેવાની જરૂર. | ...૬૪ | ૧૦ પ્રકીર્ણ. કાંકરોલીનો ખેદકારક બનાવ. | ૭૮ |
| ૬ આરોગ્ય સાચવવા પાલન કરવા | | ૧૧ સુધારો. | ...૮૦ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ખાસ વાંચવા યોગ્ય જૈન ઇતિહાસિક ગ્રંથ—

# "શ્રી કુમારવિહાર શતક."

( મૂળ અવચૂરિ અને સવિસ્તર ભાષાંતર સાથે )

આ ગ્રંથના મૂળ કર્તા શ્રીમાન્ રામચંદ્ર ગણિ કે જેઓ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના મુખ્ય વિદ્વાન શિષ્ય હતા. જેમણે આ ગ્રંથ બારમા સૈકાના અંતમાં બનાવ્યો છે, તેના ઉપર શ્રી સોમસુંદરસૂરિના પરિવારમાં થયેલા સુધાભૂષણ ગણીએ અવચૂરી (સંસ્કૃતમાં) બનાવી છે તે બંને સાથેનું સવિસ્તર ભાષાંતર પણ આ ગ્રંથમાં આપવામાં આપેલું છે. જેમ સંસ્કૃત કાવ્યની દૃષ્ટિએ આ ગ્રંથ પ્રતિભાવાન છે, જૈન સાહિત્યનું ઉચ્ચ સ્વરૂપ છે, તેમ જૈન ઇતિહાસની દૃષ્ટિએ તેરમા સૈકામાં જૈનોની જાહોજલાલી, ગૌરવતા, પ્રાચીનતા, પ્રભાવશિલતા બતાવનાર પણ આ એક અપૂર્વ ગ્રંથ છે. કારણ કે આ ગ્રંથમાં ગુર્જરપતિ જૈન મહારાજા શ્રી કુમારપાળે અણહિલપુર પાટણમાં પોતાના પિતાશ્રી ત્રિભુવનપાલના નામથી બનાવેલ પ્રાસાદ ( જીનમંદિર કે જેનાં શ્રીમાન્ હેમચંદ્રસૂરિએ શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રતિષ્ઠિત કરેલ છે; તે ચૈત્યમંદિરની અદ્ભુત શોભાનું ચમત્કારીક વર્ણન આપેલું છે. આ પ્રાસાદમાં બ્હોંતેર દેવકુલીકા હતા. ચોવીશ રત્નની, ચોવીશ સુવર્ણની, ચોવીશ રૂપાની અને ચોવીશ પીતળની, તેમ અતિત અનાગત અને વર્તમાન કાળનાં પ્રભુપ્રતિમા હતા. મુખ્ય મંદિરમાં એકસોચોવીશ આંગળ ચંદ્રકાન્તમણીની પ્રતિમા હતા. મંદિરનું બાંધકામ, રચના, તેનું ચિત્રકામ–શિલ્પકામની અપૂર્વ સુંદરતા એટલી બધી છે કે જે આ ગ્રંથ વાંચવાથી આત્માને અપૂર્વ આનંદ સાથે કુમારપાળ રાજાની દેવભક્તિ માટે આશ્ચર્ય ઉત્પન્ન થાય છે; સાથે તે વખતનો ઇતિહાસ પણ જાણવામાં આવે છે. ગ્રંથ ખરેખર વાંચવા–જાણવા જેવો છે.

આ ગ્રંથ લાંબો સમય સચવાય તે માટે ઉંચા ઇંગ્લીશ આર્ટપેપર ઉપર સુંદર ટાઇપમાં છપાવેલ છે. તમામ લાભ લઇ શકે તે માટે પ્રત આકારમાં છપાવેલ છે પાટલી પણ ઉંચા કપડાની કરવામાં આવેલ છે છતાં કિંમત રૂા. ૧–૮–૦ પોસ્ટ ખર્ચ જુદો.

**લખો—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

" માત્ર જુજ નકલો સિલીકે છે "

# "યોગદર્શન અને યોગવિંશિકા."

આ ગ્રંથ યોગનો છે. જેમાં શ્રીમદ્ વ્યાસર્ષિ પ્રણીત ભાષ્ય, શ્રી પતંજલિ મુનિ વિરચિત પાતાંજળ યોગદર્શન અને તેના ઉપર ન્યાય વિશારદ ન્યાયાચાર્ય **શ્રીમદ્યશોવિજયજી** મહારાજ રચિત જૈન મતાનુસાર વ્યાખ્યા (વૃતિ) આપવામાં આવેલ છે. આ ગ્રંથમાં આવેલા જે જે વિષયોમાં સાંખ્ય અને જૈન શાસ્ત્રનો મતભેદ છે, તેમજ જે જે વિષયોમાં મતભેદ ન છતાં માત્ર વર્ણન–પદ્ધતિ અથવા સાંકેતિક શબ્દોનોજ માત્ર ભેદ છે તે તે વિષયોના વર્ણનવાળા સૂત્રો ઉપર વૃતિકારે વૃતિ લખી છે. એટલે કે યોગદર્શન તથા જૈનદર્શન સંબંધી સિદ્ધાંતોના વિરોધ અને મળતાપણાનો એક સંગ્રહ છે.

બીજો ગ્રંથ યોગવિંશિકા છે જેના મૂળનાં કર્તા, ૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા મહાન-આચાર્ય શ્રીમાન્ હરિભદ્રસૂરિ છે અને તેની ટીકાના કર્તા પણ શ્રી મદ્યશોવિજયજી ઉપાધ્યાયજ છે. આ બંને ગ્રંથો યોગના છે. તે બંને ગ્રંથો સંસ્કૃતમાં માત્ર ( યોગવિંશિકા મૂળ માગધિમાં ) છતાં યોગદર્શનની સવિસ્તર પ્રસ્તાવના તથા યોગવૃત્તિનો સાર એ બંને બહુજ વિદ્વતાથી ઘણીજ સહેલી રીતે હિંદિ ભાષામાં પ્રજ્ઞાચક્ષુ વિદ્વદ્વર્ય બંધુ સુખલાલજી સંઘવીએ લખી યોગ વિષે સારો પ્રકાશ પાડ્યો છે. જૈન સમાજમાં આવા ગ્રંથો પ્રસિદ્ધ થાય તે ઉચ્ચ પ્રકારે સાહિત્ય સેવા છે.

આ ગ્રંથ માત્ર જૈન સમાજનેજ ઉપયોગી છે તેમ નહીં પરંતુ અન્ય દર્શનો માટે પણ તે આશિર્વાદ સમાન છે. ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી ઉંચા કાપડના સુશોભિત પાકા બાઇડીંગ વડે અલંકૃત કરેલ છે. કિંમત રૂ. ૧–૮–૦ જલદી મંગાવો.

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘણીજ થોડી નકલો સિલિકે છે.

# " પ્રાચીન જૈન લેખ સંગ્રહ (ઇતિહાસિક ગ્રંથ.) "

જૈનધર્મની ઐતિહાસિક દ્રષ્ટિએ પ્રાચીનતા, ગૌરવતા, પ્રભાવશાલિતા, જણાવનાર કોઇ સાહિત્ય હોય તો પ્રથમ જૈન પ્રાચીન લેખો છે, કે જેનો એક આ અમુલ્ય સંગ્રહ છે.

કોઇપણ ધર્મની પ્રાચીનતા જાણવા-જણાવવા માટે તામ્રલેખો શિલાલેખો; પ્રતિમા-મૂર્તિ ઉપરના લેખો તે સત્ય પુરાવારૂપ છે અને તેથીજ આ "પ્રાચીન જૈન લેખ સંગ્રહ ગ્રંથ" જૈન અને જૈનેતર વિદ્વાનો, સાહિત્ય રસિકો, ઇતિહાસના પ્રેમીઓ માટે ઉપયોગી હોઇ પ્રકટ થયા પહેલાં ઘણી કોપીઓની માગણી થઇ ચુકી હતી.

આ ગ્રંથમાં શિલાલેખો અને પાષાણ પ્રતિમા ઉપરના લેખોનોજ સંગ્રહ છે. આવા લેખ સંગ્રહ રાજકીય, સામાજીક, ધાર્મિક આદિ અનેક મહત્વની બાબતો અને અનેક વિવિધતાઓનો ઉલ્લેખ કરાયેલ હોવાથી જૈનદર્શન એકલાનાજ નહીં પરંતુ તે તે કાળના સાર્વજનિક ઇતિહાસ માટે તે ઘણું કિંમતિ થઇ પડેલ છે.

આ સંગ્રહમાં એકંદર ૫૫૭ લેખો છે. કયા લેખો કયાંથી મળ્યા અગર લેવામાં આવ્યા, તેની સુચના તે તે લેખના અવલોકનમાં વિસ્તારથી આપવામાં આવેલ છે.

આ સંગ્રહમાં જુનામાં જુનો લેખ નંબર ૩૧૮નો હસ્તીકુંડીનો છે, જે વિક્રમ સંવત ૯૯૬ ની સાલનો અને નવો લેખ ૧૯૦૩ ની સાલનો એટલે સમયની દ્રષ્ટિએ વિક્રમની દશમી સદીથી વીસમી સદી સુધી એટલે કે એક હજાર વર્ષના લેખોનો આ ગ્રંથમાં સંગ્રહ છે. ટુંકામાં આ ગ્રંથ ઇતિહાસની દ્રષ્ટિએ એટલો બધો પ્રિય થઇ પડેલ છે કે, જૈનેતર વિદ્વાનોની આ ગ્રંથ છપાતા એટલી બધી માંગણી થયેલી હતી, કે હવે પછી તેની શિલિકે કોપી ઘણીજ થોડી છે. જેથી સાહિત્ય અને ઇતિહાસના પ્રેમીયો, જૈનધર્મની પ્રાચિનતા, ગૌરવતા જાણવાના જીજ્ઞાસુઓ જલદી મંગાવી લેશે

સદરહુ ગ્રંથ ઉંચા કાગળો ઉપર સુંદર શાસ્ત્રી ટાઇપથી છપાવી સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. શુમારે આઠશેહ પાનાનો પંચાણું ફારમનો મોટો ગ્રંથ છતાં માત્ર રૂા. ૩-૮-૦ સાડાત્રણ રૂપૈયા કિંમત રાખવામાં આવેલ છે. પોસ્ટેજ જુદું.

---

થોડી નકલો બાકી છે, જલદી મંગાવો.

# શ્રી કુવલય માળા—કથા.

**સંસ્કૃતના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી અને લાઇબ્રેરીના શણગાર રૂપ**

આ સંસ્કૃત ગદ્ય પદ્યાત્મક ચંપૂ ગ્રંથ કે જે ખાસ રીતે ક્રોધ, માન, માયા લોભ અને મોહના કટુક વિપાકને અપૂર્વ દ્રષ્ટાંતદ્વારા પ્રગટ કરનાર છે. આ ગ્રંથ સંસ્કૃતના અભ્યાસી હરકોઇને પઠન પાઠન માટે ઉપયોગી છે, શ્રીમાન્ રત્નપ્રભસૂરિની કૃતિનો આ બોધદાયક, ઉપદેશકારક, રસિક અને અભ્યાસને માટે ખાસ વાંચવા યોગ્ય છે, ઉંચા કેટ્રીજ પેપરો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર ટાઇપથી છપાયેલ, ઉંચા કપડાના સુશોભિત પાકા બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે, અઢીસે પાનાનો આટલો મોટો ગ્રંથ છતાં મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર દોઢ રૂપીયો રાખવામાં આવેલ છે. મળવાનું ઠેકાણું. **શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"તૈયાર છે. જલદી મંગાવો."

# શ્રી જૈનાચાર્યો તથા જૈન કવિઓ રચિત નાટકો.

જૈન આચાર્યો તેમજ કવિવરોએ દરેક પ્રકારના સાહિત્ય ઉપર દૃષ્ટિ ફેંકી, જૈન સમાજ તેમજ ઇતર દર્શનકારોને પોતાની અનેક કૃતિઓ બનાવી આશ્ચર્યચકિત કરી દીધા છે, તેટલુંજ નહીં પણ પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાટે પોતાની અપૂર્વ વિદ્વત્તા પ્રકટ કરી છે, તેવા નાટકો વાંચતા ભાષાના અભ્યાસની વૃદ્ધિ થાયછે અને વાચકને પણ ઘણું જ્ઞાન થતા સાથે જૈન દર્શનના ઇતિહાસ સાહિત્યનું પણ ભાન થાય છે, સાથે રસ પડતાં આત્માની પણ નિર્મળતા થાય છે. તેવા નાટકો નીચે મુજબ અમારા તરફથી પ્રસિદ્ધ થયા છે. ઊંચા કાગળો, સુંદર ટાઇપ અને સુશોભિત બાઇંડીંગથી તે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. સર્વ એક સરખો લાભ લઇ શકે તે માટે કિંમત માત્ર નામની રાખી છે, તે નાટકો નીચે મુજબ છે.

૧ દ્રૌપદી સ્વયંવર નાટક ૦-૪-૦
૨ કરૂણાવજ્રાયુધ નાટક ૦-૪-૦
૩ કૌમુદી મિત્રાનંદ નાટક ૦-૮-૦
૪ પ્રબુદ્ધ રોહિણેય નાટક ૦-૬-૦
૫ ધર્માભ્યુદય નાટક ૦-૬-૦
(પોસ્ટેજ જુદું)

મળવાનું ઠેકાણું—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

જલદી મંગાવો. માત્ર થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો.

## જૈન પાઠશાળા, કન્યાશાળા અને પ્રકરણના અભ્યાસીઓને ખાસ લાભ.

જૈન પાઠશાળામાં અભ્યાસ કર્તા જૈન બાળકો અને કન્યાઓ તથા પ્રકરણના અભ્યાસીઓને માટે, પ્રકરણોના ત્રણ ગ્રંથો જૈનશાળામાં પ્રતિક્રમણ પૂર્ણ થયા પછી જે પ્રથમ ચલાવવામાં આવે છે, તે **૧ જીવવિચાર વૃત્તિ, ૨ નવતત્ત્વ અવચૂરિ, ૩ તથા દંડકવૃત્તિ** તે આ ત્રણ ગ્રંથો છે. તે એવી રીતે પ્રગટ કરવામાં આવેલ છે કે, મૂળ સાથે નીચેજ મૂળનું અને અવચૂરી સાથે નીચેજ અવચૂરિનું ગુજરાતીમાં ભાષાંતર આપવામાં આવેલ હોવાથી, તેમજ ભાષાંતર પણ શબ્દ અને અક્ષરસહ સરલ અને સ્ફૂટ રીતે આપવામાં આવેલ હોવાથી, લઘુવયના બાળકો અને કન્યાઓને તે મોઢે કરવા કે અર્થ સમજવા બહુજ સુગમ પડે તેમ છે, શૈલી એવી રાખેલ છે કે વગર માસ્તરે પણ શીખી શકાય તેમ છે, જૈન પાઠશાળા, કન્યાશાળાઓમાં ખાસ ચલાવવા જેવા છે.

જૈન પાઠશાળા કન્યાશાળા માટે મંગાવનારને ઘણી ઓછી કિંમતે (મુદ્દલ કિંમતે) માત્ર ધાર્મિક (કેળવણી) શિક્ષણના ઉત્તેજન માટે આપીશું. ધાર્મિક પરિક્ષા કે બીજા ઇનામોના મેળાવડામાં ઇનામ માટે મંગાવનારને પણ અલ્પ કિંમતે આપીશું.

અન્ય માટે પણ મુદલ કરતાં ઓછી કિંમત રાખવામાં આવેલ છે.

૧ નવતત્ત્વનો સુંદર બોધ—પાકી કપડાની બાઇંડીંગ રૂા. ૦-૮-૦ આઠ આના, કાચું બાઇંડીંગ માત્ર રૂા. ૦-૬-૦ છ આના.
૨ જીવવિચાર વૃત્તિ પાકા બાઇંડીંગની માત્ર રૂા. ૦-૪-૦ ચાર આના.
૩ દંડક વિચારવૃત્તિ પાકા બાઇંડીંગના માત્ર રૂા. ૦-૫-૦ પાંચઆના (પો. જુદું.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

॥ परोपकारः सम्यक् क्रियमाणो धीरतामभिवर्धयति, दीनतामपकर्षति, उदारचित्ततां विधत्ते, आत्मम्भरितां मोचयति, चेतोवैमल्यं वितनुते, प्रभुत्वमाविर्भावयति; ततोऽसौ प्रादुर्भूतवीर्योल्लासः प्रणष्टरजोमोहः परोपकारकरणपरः पुरुषो जन्मान्तरेष्वप्युत्तरोत्तरक्रमेण चारुतरं सन्मार्गविशेषमासादयति ॥

पुस्तक २० ] वीर संवत् २४४८ आश्विन. आत्म. संवत् २७. [ अंक ३ जो.

## श्री वीर स्तुति.

( રાગ—ક્યાંથી આ સંભળાય, મધુર સ્વર )

ધીર, વીર, ભગવાન, અમારા;
ધીર, વીર, ભગવાન.......................

આપ પસાએ અમને મળીયું, અખૂટ, મજાનું જ્ઞાન;
તે ગુણુ આપતણો કેમ વીસરૂ, કરીએ કેટલું બ્યાન. અમારા....ધીર.

આપે અમને આપ્યું ઉત્તમ, આગમ રૂપી નિધાન;
તેને અમે સાચવશું સ્નેહે, બની સાચા સંતાન. અમારા....ધીર.

ત્રીસલાનંદન, જગજનવંદન, શાસનના સુલતાન;
આપ ચરણમાં આવી સેવક, ભાવે ગાવે ગુણગાન. અમારા....ધીર.

લી. મનસુખલાલ ડાહ્યાભાઈ શાહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "સુખ દ્રષ્ય."

વિનાશી આ વિશ્વે, અવિચળ કંઇ સુખજ હશે?
નથી તૃપ્તિ સુખે, વિવિધ વિષયે મન ધસે.
અભિલાષા ખોટી, જન હૃદયને વ્યાકુળ કરે,
અને આશા માંહી, અમર સુખના સ્વપ્નજ જુએ.
જનો શું ભોળા એ, "અમર આશા" એમ વદતા;
પ્રજાળી આત્માને, પરમ સુખને ધુળ કરતા;
ખુટે આયુ તોએ, કદી નહી ખુટે આશ મનની,
સદા સંતોષીને, સ્વ[1] રટણની લાગે લગની.

# ધર્મ—જીવનનું ઉપાદાન.

મહાનુભાવ શ્રી હરિભદ્રસૂરિએ એક સ્થાને લખ્યું છે કે:—

**धनदो धनार्थिनां प्रोक्तः कामिनां सर्व कामदः**
**धर्म एवापवर्गस्य पारं पर्येण साधकः—**

અર્થાત્:—ધર્મ, ધનની ઇચ્છાવાળાને ધન આપનારો છે, ઇન્દ્રિયોના વિષયની ઇચ્છાવાળાને વિષય આપનાર છે, અને પરંપરાએ મોક્ષને સાધી આપનાર છે.

ઘણા મનુષ્યોની એવી ભ્રમમૂલક માન્યતા હોય છે કે ધર્મની સાથે ધન, યશ, ઘરબાર, અને સર્વ પ્રકારના પાદાર્થિક સુખોને કોઇ કાળે ન મટી શકે તેવો વિરોધ છે. પરંતુ વસ્તુત: તેમ નથી. શ્રી હરિભદ્રસૂરિ જેવા મહાન અનુભવી આચાર્ય જણાવે છે કે ધર્મ વડેજ એ બધા વિષયો પ્રાપ્ત થવા યોગ્ય છે. જો ધર્મને એ પદાર્થો સાથે કોઇ પ્રકારનો અંતર્ગત અણબનાવ હોય તો ધર્મવડે તેની પ્રાપ્તિ થવી સંભવેજ નહી. પરંતુ જ્યારે ધર્મ વડેજ તેની પ્રાપ્તિ પૂર્વના મહાનુભવ પુરૂષોએ સ્વીકારી છે તો પછી આપણે તે વસ્તુસ્થીતિને સાચી ગણ્યા વીના ચાલે તેમ નથી.

ધર્મના વિષયમાં આવી ભ્રાન્તિ આપણામાં પ્રવેશવા પામી છે તેના ઘણા કારણો છે. તેમાં મૂખ્ય તો એ છે કે આપણા અંત:કરણની યોગ્યતા અને અધિકારને અનુસરીને આપણે જે ધર્મનો આશ્રય લેવો જોઇએ તે ન લેતા, આપણા કરતા

[1] આત્મા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મિક ઉન્નતિની ઘણી ઉંચી હદે વિરાજમાન મહા પુરૂષોના આચરણ અને ધર્મને આપણે ગ્રહવા મથીએ છીએ, અને તેથી અધિકાર વિનાના આપણે, તે ઉચ્ચ ભૂમિકાના ધર્મનું રહસ્ય એક પક્ષે જેમ સમજી શકતા નથી, તેમ તેનું યથાર્થ વહન પણ કરી શકતા નથી. આધ્યાત્મિક વિકાસની જે હદે આવ્યા પછી આત્માને ધન, માન, યશ, વિભવ અને વૈષયિક સુખની ઇચ્છાનો લોપ થાય છે તે હદે આવ્યા પહેલા તે ભૂમિકાના ધર્મને તે અનુસરવા જાય તો, તે તેના વર્તમાન પ્રાપ્ત ધર્મથી ભ્રષ્ટ થાય છે એટલુંજ નહી, પણ તેના હૃદયની ઉંડાણમાં ઇન્દ્રિયોવડે ભોગવાતા સુખોની લાલસા જાગૃત હોવાથી તેને પુનઃ ત્યાં આકર્ષાવું પડે છે, અને તે ભૂમિકાના ધર્મોનું યથાર્થ પાલન કર્યા પછીજ તે આત્મિક વિકાસના માર્ગમાં આગળ ગતિ કરી શકે છે. વૈષયિક સુખો પ્રત્યેનો સર્વ પ્રકારનો મોહ ઉપશમી ગયો હોય એવી ભૂમિકાએ પહોંચેલા મહાત્માઓનું આચરણ અને તેમના વડે પળાતો ધર્મ ખરેખર પરમ વંદનીય છે અને તે સર્વ કોઇને ઉપાસવા, આરાધવા અને પ્રાપ્ત કરવા યોગ્ય છે, પરંતુ અધિકાર વિના તે ભૂમિકાના ધર્મનું પાલન કરવા પ્રયત્ન કરવો એ એકડા ઘુંટનાર બાળકે કોલેજમાં દાખલ થવાનો પ્રયત્ન કરવા તુલ્ય છે.

આમ હોવાથીજ શાસ્ત્રકારોએ મનુષ્યોના અધિકારભેદને લક્ષ્યમાં રાખી તેમના જુદા જુદા અધિકાર પરત્વેના ધર્મો નકી કરેલા છે. ક્રમ પૂર્વક ચઢતો અધિકાર મેળવતા મેળવતા ગતિ કરવાનું ધૈર્ય જે આત્માઓને નથી તેઓ ઉભય ભ્રષ્ટ થાય છે. તેઓ પોતાના આત્મિક વિકાસને અનુસરતા ધર્મનું પાલન કરવાને બદલે પોતાથી ચઢતા અધિકારવાળાના ધર્મોનું પાલન કરવાનો લોભ રાખે છે, અને યોગ્યતા વિના તેનું પાલન યથાર્થ પ્રકારે ન થતું હોવાથી, તેમનો આચાર શીથીલ સ્ખલિત, ઢંગ ધડા વગરનો અને પદે પદે વિકૃતિવાળો હોય છે. તેઓ જે પદને લાયક હોવાનું ગુમાન ધરાવે છે તે પદનો એકે ધર્મ બરોબર રીતે નિભાવી શકતા નથી, અને તેથી જનસમાજને તે ઉચ્ચ પદ અને તેના ગૌરવ ઉપરથી શ્રદ્ધા ઉડી જાય છે. જ્યાં જ્યાં ધર્મની અવનતિ અને દુર્દશા નિહાળીએ છીએ તેનું મુખ્ય કારણ એજ હોય છે કે તે તે ધર્મનો નિર્વાહ કરવાનું અભિમાન રાખનાર મનુષ્યો વાસ્તવમાં પોતાના ધારણ કરેલા પદને યથાર્થ લાયક હોતા નથી. કેમકે નીચલી ભૂમિકાઓના ધર્મોનું બરોબર પાલન કરીને તેઓ ચઢેલા હોતા નથી, પરંતુ ઉચ્ચ ધર્મનું પાલન કરવાના એક પ્રકારના વ્યામોહને આધિન બની તેઓ વગર તૈયારી અને વગર યોગ્યતાએ ત્યાં દોડી આવ્યા હોય છે. એક મહાન પુરૂષે ખરૂંજ કહ્યું છે કે મનુષ્યને તેનો પોતાનો ધર્મજ શ્રેય કરનાર છે, અને પારકો ધર્મ તેના માટે ભયાવહ છે.

આપણા દર્શનમાં કેટલેક સ્થળે સમ્યકત્વ અને સાધુત્વના મહિમાનો જે લોપ થએલો પ્રતિત થાય છે તેનું કારણ એ છે કે એ પદોને પહોંચવા માટે આત્માએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે તૈયારી અને અનુભવ મેળવવા જોઈએ તે તેનામાં હોતા નથી. વર્તમાનમાં તે પદ રૂપી ઇમારત રેતીના પાયા ઉપર ચણવામાં આવેલી જ્યાં ત્યાં જોવામાં આવે છે. તે તે પદોની પૂર્વગામી ભૂમિકાઓમાં જે જે ધર્મોનું વહન કરવાનું નિર્માણ છે, તે ધર્મો મનુષ્યોને અકિંચિત્કર અને વીસાત વીનાના જણાય છે. પરંતુ કુદરતનું વિધાન એવું છે કે નીચેના ધર્મો રૂપી ભઠ્ઠીમાં પાકીને મજબુત થયા વિના ઉપલા ધર્મોના નિર્વાહ માટે તે આત્મા લેશ પણ લાયક થતો નથી.

શાસ્ત્રોએ સ્પષ્ટ પ્રકારે બોધેલું છે કે સાધુત્વનું પદ સર્વ લાલસાઓથી વિરામ પામેલા સમકીતિ ગૃહસ્થોજ પામી શકે છે. અને તે સમ્યગ્ત્વની પ્રાપ્તિ, જેમણે સામાન્ય ગ્રહસ્થોને પાળવા યોગ્ય લક્ષણો અને ગુણોનું બરોબર પરિશીલન કરેલું હોય છે તેમનેજ હોઇ શકે છે. જેઓ પોતાના ગૃહી--જીવનમાં કુદરતી નિયમના સાહજીક માર્ગને અનુસર્યા નથી, અને તેમ કરીને માર્ગાનુસારીના બાળધોરણનું શીક્ષણ પણ મેળવ્યું નથી તેઓ કોઇ કાળે આત્માના સ્વરૂપની ઉપલબ્ધિ કરી સમકિતિ બની શકેજ નહીં. કેમકે જેઓમાં શ્રાવકના સામાન્ય ગુણોનો અભાવ છે, તેમનામાં વિશેષ ગુણતો સંભવેજ કયાંથી! સમ્યગ્ત્વ એ આત્મિક સાક્ષાત્કારનું સુચન કરનાર એક મહાન અને મહિમાસંપન્ન ભૂમિકા છે. અને તે ભૂમિકાનો પાયો માર્ગાનુસારીપણાના ધર્મોના પાલન ઉપર રચાયેલો હોય છે. જોકે આ પંચમ કાળમાંતો આપણે તે પાયાની કે ઇમારતની, એકેની પરવા રાખ્યા વગર આકાશમાં દશ્યમાન .થતા ગંધર્વનગરની માફક અધરથીજ સમકીત અને સાધુત્વની જે સ્થળે ઈમારત કલ્પનાવડે સાધી લીધી છે ત્યાં શાસ્ત્ર કે અનુભવ દૃષ્ટિએ એ સમકીત અને એ સાધુત્વની કશીજ કીંમત નથી. કેમકે ત્યાં બહુધા તેમાં પ્રાથમિક ગુણોનોજ અભાવ હોય છે. માર્ગાનુસારીના સામાન્ય ધર્યોનું સમ્યગ્ત્વની પ્રાપ્તિ રૂપ વિશેષ ધર્મોનું અને વૃત્તિ–સંયમ રૂપ દેશ વિરતિના ધર્મોનું ક્રમિક પરિશીલન પૂર્વક કશુંજ આચરણ થએલું હોતું નથી. આડે ધડે ફાવે તેમ ગમે તે ધર્મને ઉપાડીને આત્માની સાથે જોડવા પ્રયત્ન જયાં કરેલો હોય છે. પરંતુ તેમ કરવાથી તે ધર્મ આત્માની સાથે એકરસ થતો નથી.

આત્મા જે ધર્મોનું વહન કરવાના અધિકારવાળો હોય છે, તે ધર્મો તેને તે ભૂમિકાએ સહજ અને કુદરતી જણાય છે. ક્ષુધા જણાય ત્યારે આહાર–ગૃહણ, શ્રમનો અનુભવ થાય ત્યારે નિદ્રા, પ્રમાદ જણાય ત્યારે વ્યાયામ, વિગેરે જેમ સહજ સરળ, આનંદપ્રદ અને સ્વાભાવિક હોય છે તેમ આત્મા જે કાળે પોતાના ક્રમિક વિકાસની જે ભૂમિકાને શોભાવતો હોય છે તે કાળે તે ભૂમિકાને અનુસરતા ધર્મો તેને સહજ સરળ અને સુખદાયક જણાય છે. કલેશ, કૃત્રિમતા, કંટાળો, કષ્ટ અને અસ્વાભાવિક્તાનું જ્યાં જ્યાં દર્શન થાય છે ત્યાં ત્યાં એમજ માનવું યોગ્ય છે કે તે દુખદ ભાવોનો અનુભવ કરનાર આત્મા પોતાને ઉપયુક્ત ધર્મનું વહન કરવાને બદલે અન્યના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મોનો ભાર ખેંચતો હોય છે. અત્યારે આપણે કેટલેક સ્થળે એવોજ દૃશ્ય જોઈએ છીએ કે માર્ગાનુસારીત્વના ધર્મોનું વહન કરવામાં નિષ્ફળ નિવડેલ આત્મા કાંતો સમકીતી અને સાધુને સ્વાભાવિક હોવા યોગ્ય ધર્મોનો બોજો ઉપાડવાની હાસ્યોત્પાદક ચેષ્ટા કરતા હોય છે. સુજ્ઞ મનુષ્યોને આવો ઉદ્યોગ મુર્ખાઈ ભરેલો અને એક બાળક પોતાના પિતાની પાઘડી અંગરખુ અને ખેસ ધારણ કરી મોટી ઉમરના હોવાનો આડંબર કરે તેના જેવો વિકૃતિપૂર્ણ અને વિકળ ભાસે છે. આંક શીખ્યા વીના જેમ હિસાબ ગણુતા આવડતું નથી અને અક્ષરજ્ઞાન વિના જેમ વાંચનનો પ્રયત્ન મિથ્યા છે તેમ એક સામાન્ય ગૃહીજીવનને અંગે રહેલા આચરણોનું પાલન કરી તે ભૂમિકાના ધર્મોને આત્મા સાથે એકરસ કર્યા વીના તેનાથી ચઢતી ભૂમિકાના એટલે કે સમકીતી, દેશવિરતિ અને સર્વ વિરતિ આત્માઓના ધર્મો ઉપર ત્રાપ મારવી તે પ્રયત્નમાં હાસ્ય અને કરૂણાના રસોની ભરપુરતા શીવાય અન્ય કશુંજ નથી.

જે મનુષ્યોએ માર્ગાનુસારીત્વના ગુણોને પોતાના આત્મામાં સંપૂર્ણ રીતે પરિણામાવેલા નથી, તેઓ સમકીતની ભૂમિકા ઉપર નભી શકેજ નહીં. આપણા બાહ્ય લૌકિક ધોરણોમાં અંદરની નિ:સારતાને ઉપરના આડંબરથી ઢાંકી શકાય છે, પરંતુ આત્માની ક્રમિક ઉન્નતિના માર્ગમાં ઉપરના આભાસથી કામ નભી શકતું નથી. આધ્યાત્મિક વિકાસનો માર્ગ એ ગુણોત્કર્ષનો માર્ગ છે. એટલે કે આત્મામાં ગુપ્ત રહેલા ગુણોનો આંતરિક પ્રયત્ન દ્વારા પ્રકાશ કરવાનો હોય છે. નીચેની ભૂમિકાએ વિકસિત થવા યોગ્ય ગુણો ઉપરનું આવરણ ખસ્યા વિના ઉપરની ભૂમિકાને અનુરૂપ ગુણોનો વિકાસ થતો નથી. બહારના કોઈ સૂચક ચિન્હ કે પરિવેશથી તેમ થયું કોઈ માનતુ કે મનાવતુ હોય તો તે ભ્રાન્તિ અને પ્રવંચનાજ છે. આથીજ શાસ્ત્રકારોએ અમુક ભૂમિકાએ અમુક ગુણોનો વિકાસ થયા પછીજ તેથી ચઢતી ભૂમિકાની પ્રાપ્તિ થવાનો સ્થળે સ્થળે ઉલ્લેખ કરેલો છે.

પરમાર્થના માર્ગમાં ગતિ કરવાની ઇચ્છાવાળાએ શરૂઆતમાં એ માર્ગને અનુસરતા થવા પૂર્વે જે ગુણોનું અનુશીલન કરવું તે ગુણોને જૈન શાસ્ત્રકારે માર્ગાનુસારીના ગુણોના નામથી સંબોધેલ છે. આ ગુણો જે મનુષ્યોના હૃદયમાં સ્થિરપણે જામેલા છે તેમના માટે સમકીતની ભૂમિકાની પ્રાપ્તિ અને તેના વિષેની સ્થિતિ સહજ સરળ અને સ્વાભાવિક થઇ પડે છે. કેમકે તે માટે તેના હૃદયનું ક્ષેત્ર ઉપયુક્ત સંસ્કાર વડે તૈયાર થએલું હોય છે. અયોગ્ય અને અપકવ હૃદય-ભૂમિ ઉપર ઉચ્ચ ભૂમિકાને અનુરૂપ ભાવો કદી ટકી શકતા નથી. અને એ ભાવોને ધારણ કરવાનો પ્રયત્ન થાય તો પણ અતિ કઠિન મનોમય પ્રયત્નના અંતે પણ આખરે તે નાશ પામે છે. જેમ તેલથી ખરડાએલા પાત્રને જળ સ્પર્શી શકતું નથી, તેમ માર્ગાનુસારીપણાના ગુણોના સંસ્કાર રહિત હૃદયને સમકીતનો ભાવ સ્પર્શી શકતો નથી.

માર્ગાનુસારીપણાના જે ગુણોનું શાસ્ત્રકારોએ વિવેચન કરેલું છે તે ગુણોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુશીલનથી મનુષ્ય સમાજમાં, દેશમાં, વ્યવહારમાં અને સર્વ લૌકિક ક્ષેત્રોમાં મહત્વ અને ગૌરવ મેળવી શકે છે. ધન, યશ, અધિકાર સન્માન, આદિ લૌકિક મહત્તાની એક પક્ષે જેમ પ્રાપ્તિ થાય છે તેમ અન્ય પક્ષે તે ગુણોના આવિર્ભાવથી આત્મ તત્વની પ્રાપ્તિનો અધિકાર પણ વૃદ્ધિ પામતો જાય છે. ક્રમે ક્રમે જે શકિત વડે લૌકિક મહત્વની પ્રાપ્તિ થયેલી હોય છે તે શક્તિનો પ્રવાહ આધ્યાત્મિક વિકાસ અર્થે પ્રવાહિત થતો જાય છે. પરંતુ સરત એટલી કે એ શક્તિ શાસ્ત્રકારોએ નિર્દિષ્ટ કરેલા માર્ગે વિકાસ પામેલી હોવી જોઈએ. મનુષ્યની જે શક્તિમાં માર્ગાનુસારીપણાના ગુણોનું તત્વ હોતું નથી તે શકિત અને તેના વડે સાધેલા દ્રવ્ય, અધિકાર આદિ મનુષ્યની આત્મિક ઉન્નતિના કદી નિમિત્ત બની શક્તા નથી. માર્ગાનુસારીપણાના ગુણોનું મંડાણ ધર્મજીવન ઉપર છે અને ધર્મ-જીવનની ઈમારત ઉપરજ સમ્યગ્‌ત્વની દીવ્ય રચના થઈ શકે છે.

જેમના જીવનનું કે ચારિત્રનું મંડાણ ધર્મ ઉપર નથી, પરંતુ એકલા સ્વસુખ, અંગત સ્વાર્થ અને ક્ષણિક લૌકિક ઉપયોગીતા રૂપી રેતિના પાયા ઉપર ચણાએલું હોય છે, તેવા પ્રકારના જીવન કે ચારિત્રમાં આધ્યાત્મિકતા પ્રવેશી શકતી નથી. આવા પ્રકારના ચારિત્રસંપન્ન મનુષ્યો કદાચ વ્યવહાર જીવનમાં માન, ધન, યશ અધિકાર આદિ મેળવી શકે છે. પરંતુ જે શકિત વડે તે બધું તેણે પ્રાપ્ત કરેલું હોય છે તે શકિતનો પ્રવાહ તેના આત્મિકવિકાસ માટે પ્રવાહિત થતો નથી. તે શકિત તેના ક્ષુદ્ર સ્વાર્થમાંજ નિબદ્ધ રહે છે. જેમના હૃદયમાં જીવનની મહત્તાની અને ધર્મ-મય ચારિત્રની ઉપયોગીતાની ભાવના જાગી નથી, તેવા આત્માની સર્વ પ્રકારની શક્તિઓ તેમના પરમ કલ્યાણ અર્થે વળી શકતી નથી. કુદરતે આપણા હૃદયમાં ધર્મ-ભાવનાની જે વૃત્તિ પ્રતિષ્ઠિત કરેલી છે, તે વૃત્તિને આપણા જીવન-પથની દીવાદાંડી તરીકે રાખીને જો બધી શક્તિઓનો ઉપયોગ થાય તોજ તે શક્તિઓ ચરિતાર્થ થાય છે.

પરંતુ એ ધર્મ-ભાવનાની વૃત્તિ મનુષ્ય-હૃદયમાં ખાસ કરીને પ્રાથમિક કોટીના મનુષ્યોના હૃદયમાં એટલી બધી અવ્યક્ત અને અજ્ઞાત હોય છે કે તેના અસ્તિત્વ સંબંધે પણ તેને ભાગ્યેજ ભાન હોય છે. આમ હોવાથી મનુષ્ય શરૂઆતમાં તેને પોતાના જીવન-પથના પ્રકાશ તરીકે સ્વીકારી શકતો નથી. આવા પ્રસંગે તેના હૃદયમાં વસેલા ધર્માવહ મહાપુરૂષનો આદેશ તે સમજી શકતો હોતો નથી. તેની ઇચ્છાઓ માત્ર પોતાના ક્ષણિક તાત્કાલિક સુખો સાથેજ સંબંધ રાખનારી હોય છે. જીવનનો ગંભીર ઉદ્દેશ, આત્માનું મહત્ દિવ્ય નિર્માણ, આ લોકમાં તેના અવતરણનો હેતુ આદિ મહાપ્રશ્નો તેના હૃદયમાં ઉઠેલા હોતા નથી. તે મહા માર્ગ ઉપર ગતિ કરવામાં શું શું અંતરાયો રહેલા છે અને તે અંતરાયોનો પરિહાર કેવા પ્રકારે થઇ શકે તે બાબત તેનું હૃદય બાળકના હૃદયથી ભાગ્યેજ ચઢીઆતું હોય છે. વર્તમાનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવા પ્રકારનું આચરણ તેની ભવિષ્યની આધ્યાત્મિક ઉન્નતિને અનુકુળ થશે તેનો તેને સ્પષ્ટ અવબોધ હોતો નથી. આવા પ્રસંગે તેણે કયા નિયમોને અનુસરીને પોતાના જીવનને નિયમાવવું એ પ્રશ્નનું નિરાકરણ પૂર્વના મહાજનોએ કરેલું છે. તેમણે પોતાના દિવ્ય જ્ઞાનની દૃષ્ટિએ નિર્ણિત કરેલું હતું કે પ્રાથમિક અવસ્થાના મનુષ્યોના જીવનને એવા પ્રકારના નિયમોથી વ્યવસ્થિત અને સુદૃઢ કરવું જોઇએ કે જેથી સ્વભાવથીજ આધ્યાત્મિક વિકાસના માર્ગમાં વળી શકે અને એ નિયમોના પાલનમાંથી ઉત્પન્ન થયેલી આત્મ-શકિત તેના પારમાર્થિક શ્રેય રૂપે પરિણામ પામી શકે. આ નિયમો તે આપણા શાસ્ત્રોમાં વર્ણવેલા માર્ગાનુસારીપણાના ગુણો છે. એ ગુણોના પરિશીલનવડે જ્યારે આપણે આપણા જીવનમાં તે પ્રકારના ગુણોનો આવિર્ભાવ કરી શકીએ, ત્યારેજ આપણે તેથી ચઢીઆતી ભૂમિકાના ગુણોની કિંમત સમજી શકીએ. એ નિયમના પાલનથી મનુષ્ય પોતાની વ્યાવહારિક ઉન્નતિ મેળવી શકે છે એટલુંજ નહી પણ તે બધો વખત તેની ગતિ અજ્ઞાતપણે આત્મિક વિકાસ ભણી પણ હોયજ છે.

મહાપુરૂષોએ જોયું હતું કે ઉત્તમ આચારના નિયમો પાળવાથી મનુષ્યનો આત્મા આધ્યાત્મિક ગુણોનો આધાર બનવાને લાયક બને છે. વ્યાવહારિક જીવનના અંગે ઉચ્ચતમ નિયમો અને આચારોના પરિપાલનથી આત્મામાં સ્વાભાવિક રીતેજ એવી યોગ્યતા આવે છે કે તે ઇશ્વર પ્રાપ્તિના માર્ગમાં સરલતાથી ગતિ કરી શકે. આપણા પ્રાચીન મહાનુભાવ આચાર્યોએ માર્ગાનુસારીના નિયમોનો પ્રતિબોધ કરેલા છે તે ઈશ્વર-પ્રાપ્તિ રૂપી મંદિરમાં પ્રવેશવાનું સિંહદ્વાર છે. જે મનુષ્યોએ એ માર્ગમાં યથાયોગ્ય પ્રકારે સ્થિર રહી તે ભૂમિકાનું શિક્ષણ મેળવ્યું નથી તેઓ પરમાર્થના ઉત્કૃષ્ટ માર્ગમાં ગતિ કરવા માટે નિતાન્ત અયોગ્યજ છે.

આ માર્ગાનુસારીના ગુણો મેળવવા, કેળવવા અને આત્મા સાથે એકરૂપ કરવાની શાળા કઇ ? એમ કોઇ પ્રશ્ન કરે તો ઉત્તર એકજ છે કે આ વિશાળ વિશ્વ એજ તે ગુણોને ઉપલબ્ધ કરવાની શાળા છે. મનુષ્યમાંથી દેવ અને દેવમાંથી ઇશ્વર બનવાનું પ્રાથમિક શિક્ષણ આપણા નીત્યના સામાજીક જીવનમાંથી મળે છે. વાસ્તવિક આધ્યાત્મિકતાને અંગે હોવા જોઇતા ઉચ્ચતમ ગુણો અને દિવ્ય ચારિત્રના બીજ આપણા હમેશના વ્યાવહારિક સંમર્દમાં રહેલા છે. જો એ ભૂમિકાનું અનુશીલન અપકવ હોય તો પારમાર્થિકતારૂપી વૃક્ષ કોઇ કાળે સુફળ આપી શકતું નથી. જે વૃક્ષના મૂળ સડેલા છે, જેના બીજમાંજ દોષમયતા વ્યાપી રહેલી છે, તે વૃક્ષના વર્ધન અને ફળવાનપણા માટે આશા રાખવી વ્યર્થ છે. આપણા નીત્યના વ્યવહારિક જીવનમાં જો આપણે સાસ્ત્રોએ નિર્દિષ્ટ કરેલા આચારો, નિયમો અને સદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણોનું અનુશીલન કરેલ હોતું નથી તો પારમાર્થિક જીવનના સુફળ માટે આશા રાખવી એ હસવા સરખી મુર્ખાઇજ છે.

આ જમાનો જેને " ધાર્મિકતા " માને છે તેને અંગે માણસો કેટલુંક એવું એવું બેવકુફાઇ ભરેલું કલ્પી બેઠેલા જોવામાં આવે છે તે જોઇને સમજુ મનુષ્યોને આંતરિક ખેદ અને નિરાશા ઉત્પન્ન થાય છે. તેઓ એમ માનતા જોવામાં આવે છે કે જેને પારમાર્થિક જીવન ગાળવું છે તેણે સંસારના કાર્યોમાં જીવ પરોવવા જરૂર નથી. " મા, બાપ, ભાઇ, પુત્ર, સગા, સંબંધી સમાજ, દેશ, રાષ્ટ્ર અને વિશ્વ સૌ પોતપોતાનું ફોડી લેશે. આપણે આપણું પરલોકનું સાજુ કરો અને હવે પછીના જીવન માટે ભાતું તૈયાર કરો " આવી કલ્પનાથી તેઓએ સર્વની અવજ્ઞા અને ઉપેક્ષા કરી, તે સર્વ પ્રત્યેના પોતાના કર્તવ્યનો અનાદર કરી તેમને પોતાના ધર્મ જીવનના અંતરાય સ્વરૂપ ગણી, પોતે ભ્રમથી માનેલા " માર્ગ " નો આશ્રય લે છે. આવા મનુષ્યોનું જીવન જેને અંદરખાનેથી અવલોકવાના પ્રસંગો મળ્યા છે, તેમનો અનુભવ જો આ સ્થળે ટાંકવામાં આવે તો વાચકને બહુ કલેશ થાય એમ ધારી તેના ઉલ્લેખથી વિરામ પામવાનું ઉચિત ધાર્યું છે. અલ્પમાં એટલુંજ કથિતવ્ય છે કે જેણે પોતાના સાંસારિક ધર્મોનો ઉત્તમ પ્રકારે નિભાવ કરેલો હોતો નથી અને અનેક પ્રકારની કસોટીઓ અને મુશ્કેલીઓની મધ્યમાં પણ શાસ્ત્રોએ વિહિત કરેલા માર્ગાનુસારી આત્માના આદેશોનું પાલન કરેલું હોતું નથી તેમનું કહેવાતું પારમાર્થિક જીવન એ માત્ર કલેશ અને કૃત્રિમતાનીજ પરંપરા છે.

ગૃહ, સમાજ, વ્યાપાર, વ્યવહાર, દેશ, રાષ્ટ્ર, અને વિશ્વ એ આપણી સાધનાનું ક્ષેત્ર છે. જેમણે પોતાના માતા, પિતા, બંધુ, પુત્ર, સ્ત્રી, આદિ ગૃહ અને કુટુમ્બના અંગભૂત મનુષ્યો પ્રત્યેનો ધર્મ શાસ્ત્રોક્ત રીતે, સ્વાર્થ રહિતપણે, પ્રેમપૂર્વક બજાવ્યો નથી, તેમની સાર્વદેશીય ઉન્નતિ અને અભિવૃદ્ધિમાં પોતાથી બનતી સહાય આપી નથી, જેણે સમાજમાં પોતાના ઉત્તમ ચારિત્ર્યની મધુર સુવાસ પ્રસારી નથી, જેણે વ્યાપારાદિ વ્યવહારમાં સત્ય, ન્યાય, નીતિ અને સદાચારનું ઉત્તમ દ્રષ્ટાંત આપ્યું નથી, જેણે દેશની આર્થિક, રાજકિય, નૈતિક અને ધાર્મિક ઉત્ક્રાન્તિમાં પોતાના જીવનને સમર્પ્યું નથી, તેઓ કોઇ પ્રકારના પારમાર્થિક માર્ગમાં પ્રવેશવા લાયક નથી. મનુષ્ય હ્રદયના હલકા વિકારો, રાગદ્વેષો, અંધવાસનાઓ અને અધોગામી વૃત્તિઓનો પરાજય કરવાનું કુરૂક્ષેત્ર આ સંસાર છે. તેણે આ સંસારમાં માર્ગાનુસારીના ગુણોરૂપી શસ્ત્રથી એ અધમ વૃત્તિઓની સાથે યુદ્ધ કરી તેના ઉપર વિજય મેળવવાનો છે. અને તે પછી સંયમ, કર્તવ્યનિષ્ઠા, જનપ્રેમ, ઇશ્વર–ભક્તિ એ બધુ પણ મેળવી શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માતા પિતા બંધુ આદિ પ્રત્યેના ધર્મનો નિર્વાહ કરવામાં આપણે આપણી પ્રિય વાસનાઓને જતી કરવી પડે છે, આપણા અંગત સ્વાર્થનો ભોગ આપવો પડે છે, અને તે દ્વારા આપણા ચારિત્ર્યનું ઉતમ સંગઠન કરી શકાય છે. વ્યવહારમાં નીતિમયતા સાચવવામાં ઘણી વાર મોટી હાની સહવી પડે છે, બીજાઓ સ્હેજ અધર્મ અને અનિતિથી મોટો નફો કરી જતા હોય ત્યાં આપણે ધર્મ અને સત્યને વળગી રહેવાથી, કમાણી ઉપર કાપ મુકવો પડે છે; આ કસોટીનું ક્ષેત્ર આપણને વ્યવહારના પ્રદેશમાં મળી શકે છે. આવી અગ્નિ–પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી આપણો સંયમ, સત્યાનુરાગ ધર્મ–પ્રીતિ અને ચારિત્ર્ય સુદ્દઢ થાય છે. અને તેમ થવાથી આપણા તન, મન અને આત્મા ઇશ્વરી શક્તિએ તે કામ કરવા માટે યોગ્ય યંત્રરૂપ બને છે. એ પ્રકારે જયારે આપણું સ્થુળ અને સૂક્ષ્મ બંધારણ યોગ્ય બને છે ત્યારેજ આપણામાં સમ્યકત્વ અગર ઈશ્વરી–જીવનનો આરંભ થવા માંડે છે. જેણે સંસારની વિકટ કસોટીઓની મધ્યમાં રહીને માર્ગાનુસારીપણાના ગુણોનું અનુસરણ કરી પોતાના તન, મન અને આત્માને કેળવ્યા નથી, અને સંયમ, ચારિત્ર્ય, વિશ્વ–પ્રેમ અને ઈશ્વર ભક્તિના ઉપાદાનો સંગૃહિત કર્યા નથી, તેનામાં સમ્યકત્વ અગર સાચું ધર્મ–જીવન આવી શકતુંજ નથી. એવા અપકવ ઘટમાં સમક્તિરૂપી જળ નભી શકતુંજ નથી. જેમના હૃદયમાં વાસ્તવિક સમ્યકત્વ માટે આકાંક્ષા જાગી છે તેમણે પોતાનું વ્યાવહારિક જીવન તપાસી જવાની પ્રથમ જરૂર છે, તેણે માર્ગાનુસારીના તમામ લક્ષણો પૂર્ણપણે સાધ્યા છે કે કેમ, ઉત્તમ આચારો અને નિયમોના પાલનથી તેણે પોતાના તન મનને પ્રભુમય જીવનના આધારરૂપ બનાવ્યું છે કે કેમ તે ખાત્રી કરવાની જરૂર છે.

રા. છોટાલાલ હરજીવનદાસ પારેખ.

# એક પૂણ્ય સ્મૃતિ.

લગભગ અઢી હજાર વર્ષ પૂર્વની આ એક ઘટના છે. ભારતની ધર્મ–સાધનાના મહાયુગનો તે પ્રારંભ હતો. વેદ, બ્રાહ્મણ, મંત્ર, શ્રુતિ, સ્મૃતિ, ઉપનિષદનો પ્રબોધ લોક–હૃદયમાંથી ઉઠી ગયો હતો. ધર્મ–જીવન ચેતનહીન, શુષ્ક, કર્મકાન્ડ સંકુલ, મર્મ–શૂન્ય થઇ ગયું હતું. જનતા ઉપર તે એક પ્રકાન્ડ ભારરૂપ હતું. સમસ્ત યુગ તે બોજા તળે કચરાતો બુમો પાડતો હતો. યદીયાગ અને આચાર ઉપચારના આડમ્બરથી ચોતરફ આત્મ–વિસ્મૃતિ, હૃદયહીનતા, નિષ્ઠુરતા, અને ભાવ શુન્યતાનું સામ્રાજ્ય વ્યાપ્યું હતું. તે સમયે પ્રેમ, અહિંસા, શાંતિ, વિનય, વૈરાગ્ય અને ત્યાગનો વાવટો ફરકાવીને પ્રભુ મહાવીરે ભારતવર્ષની ધર્મ–સાધના સતેજ, સજીવન, મૂર્તિમંત બનાવી. શુદ્ધ, સૌમ્ય, સમાહિત, સંયમ અને સ્વાર્પણની મૂર્તિ–સ્વરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે તેજોરાશી તપસ્વીએ ભારત-હૃદયની શુષ્ક મરૂભૂમિમાં દિવ્ય-જીવનની મન્દાકિની પ્રવાહિત કરી. તે મહાત્મા કરૂણા અને પ્રેમનો અસીમ સાગર હતો. તે વિશ્વબંધુ હતો. પ્રાણી માત્રને તે પોતાના દિવ્ય શાસનના અનુયાયી બનાવી પોતાના જેવા બનાવવા માગતો હતો. તેના વિશાળ હૃદયમાં રાજા અને રંક, જ્ઞાની અને મૂર્ખ ધાર્મિક અને પાપી સર્વને માટે સમાન સ્થાન હતું. જનતાના ઉદ્ધાર માટે તેણે કષ્ટ ઉઠાવી, અનંત પરિસહ વેઠી પોતાની વિશ્વ-પ્રેમીક્તા, વિશ્વાત્મિકતા સિદ્ધ કરી. સર્વના ઉદ્ધારમાં તેમણે પોતાનો ઉદ્ધાર માન્યો.

તેણે પોતાના આત્મ-પ્રભાવથી ભારતને નવજીવિત બનાવ્યું, તેનામાં નવ-તેજ નવ-સ્ફુર્તિ જગાવી. પ્રેમ, સેવા અને કરૂણાના વિસ્તાર હેતુથી અગણિત ઉપાશ્રયો, ચૈત્યો, પ્રકટી નીકળ્યા. જન-હૃદયમાંથી ભોગ-લાલસા અંતર્હિત થઇ. સર્વ નરનારીના અંતરમાં ભોગ વિમુખતા, ઇશ્વર-પ્રીતિ, શાંતિ, વૈરાગ્ય, સંયમ, અને ત્યાગના સુંદર પુષ્પોની સુવાસ ફેલાઇ. ભારત-વર્ષ તે કાળે દેવ-જીવનનો લ્હાવો લેતું હતું. પથ્થરમાં, સ્તુપોમાં, ગિરિ ગુફાઓમાં, ચૈત્યાલયોમાં, શિલ્પનું રૂપ ધારણ કરી તે અમર ભાવના મૂર્તિમતી થઇ. સેંકડો સ્ત્રી પુરૂષો તેના માર્ગનો આશ્રય લેવા દોડી આવ્યા. અગણિત સાધુ અને સાધવીઓના સાધુવૃતથી ભારત દેવભૂમિ જેવું સુરમ્ય અને અલૌકિક હતું. જ્યાં જુઓ ત્યાં સર્વત્ર પ્રેમ, દયા, કરૂણા, સાધુતા, ભક્તિ, સત્ય, ન્યાય, પરોપકારિતાના નાના મોટા ઝરણા વહેતા હતા. પ્રભુ મહાવીરની પ્રતિભા અને ચારિત્ર્યના પ્રભાવથી તે કાળનું શિલ્પ, સાહિત્ય, દર્શન, વિજ્ઞાન રંગાઇ ગયું હતું. એમના ઇશ્વરી મહિમાથી ભારતનું સર્વસ્વ મહિમાન્વિત હતું. તેમના ગૌરવથી ગૌરવપૂર્ણ હતું. વીર્ય, શૌર્ય ક્ષમા, અને ત્યાગના મહાધનથી ભારત ધનવાન હતું.

આજે એ સુવર્ણ યુગ માત્ર સ્મૃતિ રૂપે છે. એ સ્મૃતિને મારા માનસ-પટ ઉપર બને તેટલા ઉજ્જવળ વર્ણે અંકિત કરી મારા જીવનની આ ઘડીને ધન્ય લેખું છું.

અધ્યાયી.

# આરોગ્યતા સાચવી રાખવા સંબંધી સહુએ સાવચેત રહેવાની જરૂર.

( લખનાર-સદ્‌ગુણાનુરાગી કપૂરવિજયજી. )

હેતુ—શરીર નીરોગીલું હોય અને ચિત્ત સ્વસ્થ-પ્રસન્ન રહેતું હોય તો સ્વકર્તવ્યકર્મ સુખે કરી શકાય છે, ને ધર્મ સાધનમાં કશી અગવડ આવતી નથી. સમા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનો મોટો ભાગ આ અગત્યની વાત તરફ ભયંકર બેદરકારી રાખી અનેક પ્રકારના રોગથી દુ:ખી થાય છે, તેનો ચેપ એક બીજાને લાગવાથી ભવિષ્યની પ્રજા રોગીલી, સત્ત્વહીન અને ચિન્તાયુક્ત બનતી જાય છે. સ્વાર્થને પરમાર્થ ઉભય દષ્ટિથી આરોગ્યની બાબત સહુને ભારે ઉપયોગી હોઇ, સ્વપરના ખરા હિતની ખાતર, સહુએ જાતે સાવચેતીથી નીચેના જરૂરી નિયમોનું પાલન કરતા રહી, તેમ કરવા અન્ય આળસુ વર્ગને ચેતાવવા ઘટે. ફળ–પરિણામ એવું આવશે કે આપણે બેદરકારીથી ગુમાવેલું. આરોગ્ય પાછું મેળવી, સહુ વાતે સુખી, આબાદ થઇ પ્રજાને પણ ઉન્નત કરી શકશું. અજ્ઞાનને પ્રમાદવશ વધારે દુ:ખભાગી થઇશું નહીં.

## આરોગ્ય સાચવવા પ્રમાદ રહિત પાલન કરવા યોગ્ય નિયમો

૧ શરીરને તથા મનને સ્વસ્થ નીરોગી અને અવિકારી જાળવી રાખવા, આપણને શુદ્ધ હવા પાણી અને ખોરાકની ભારે જરૂર પડે છે. તેમાં બેદરકારી કે ઉપેક્ષા કરવાથી આપણી તબીયત લથડે છે–બગડે છે, તેથી આપણે માંદા પડી ચિન્તાગ્રસ્ત બની, આપણા સંબંધી જનોને પણ નાહક ચિન્તામાં પાડીએ છીએ, તેથી પ્રથમથીજ સ્વઆરોગ્ય જાળવી રાખવા આપણે સહુએ પૂરતી કાળજી રાખી રહેવાની ખાસ જરૂર છે.

૨ સેંકડે નવાણું ટકા ઉપરાંત માંદગીનું કારણ તો ખરાબ–ઝેરી હવા હોય છે, એવો અનુભવી ડોકટરોનો અભિપ્રાય સહુએ લક્ષગત્ રાખવો જોઇએ.

૩ રોગ કે માંદગીને ટાળવાનો સરસ ઉપાય શુદ્ધ–ચોખ્ખી હવા છે.

૪ શુદ્ધ હવાની જેમ શુદ્ધ જળની પણ જીવન માટે ભારે જરૂર છે, એમાં બેદરકારી રાખવાથીજ આપણી ઘણી ખરાબી થવા પામે છે.

૫ જ્યાં ત્યાં પેશાબ કરવાથી કે મળ ત્યાગ (દસ્ત) કરવાથી, થુંકવાથી કે નાકનો મળ નાંખવાથી આસપાસની હવા ઝેરી–અશુદ્ધ બને છે, તેમાં જંતુઓ ઉત્પન્ન થઇ શરીર આરોગ્યને નુકશાન કરે છે.

૬ તેમાં પણ ક્ષયરોગી જેવાથી સહુએ વધારે ચેતતા રહેવું જોઇએ. કેમકે તેના ઝેરી જંતુવાળા મળવડે મલીન થયેલી હવાથી કઇકને તેવા ક્ષય–રોગનો ચેપ લાગવા સંભવ રહે છે, તેવા ક્ષયરોગીના મળને જો કાળજીથી દૂર રેતી કે રખ્યાદિકવડે ઢાંકી દેવામાં આવે તો તે તેની હાનિ કે નુકશાન સ્વપરને કરી શકતાં નથી.

૭ કોહેલી કે જલ્દી કોહી જાય એવી વસ્તુ ખુલ્લી જ્યાં ત્યાં ફેંકવાની આદતથી હવામાં બીગાડો થઇને નુકશાન કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ હવાને નહીં બગાડતાં ને શુદ્ધ હવા શ્વાસ દ્વારા લેતાં જો આપણે શીખી લઇએ તો ઘણા રોગોથી આપણે સહેજે બચીએ.

૯ શુદ્ધ હવા લેવાની જેટલી જરૂર છે તેટલીજ જરૂર ખૂબ પ્રકાશ—અજવાળાની પણ છે, તેથીજ દિવસે કે રાત્રે બધાં બારી બારણાં બંધ કરી નહીં દેતાં, બને તેટલાં ખુલ્લાંજ રાખવા લાભકારી છે.

૧૦ સુતી વખતે ચોખ્ખી હવા મેળવવા, નાકને ઢાંકી નહીં રાખતાં ખુલ્લુંજ રાખવાની જરૂર છે, એથી અશુદ્ધ હવા નીકળી જઇ શુદ્ધ હવા પ્રવેશવા પામે છે.

૧૧ શુદ્ધ હવા અને પ્રકાશની અસર જીવન ઉપર ભારે ફાયદાકારક જાણી કોઇ રીતે ગમે તેવા મંદવાડમાં પણ ખોટા વહેમને વશ થઇ, તેના આવકારદાયક લાભથી નહીં ચૂકવા સાવધ રહેવું જોઇએ.

૧૨ ખૂબ ઉકાળ્યા પછી ઠારેલું પાણી બરાબર ગાળીને વાપરવું સર્વોત્તમ લેખાય, એનાથી અનેક જાતના વ્યાધિઓ દૂર થઇ શકે છે, એથી પાણીવિકાર થતો નથી—ગમે ત્યાં જતાં આવતાં જૂદાં જૂદાં સ્થાનનાં જળપાન કર્યાં છતાં તે પાણી લાગતું નથી, એ શુદ્ધ નિર્દોષ જળપાન રૂચિ પૂર્વક કરવાથી શરીરનું આરોગ્ય ઠીક સચવાઇ રહે છે, એથી ઉલટું અશુદ્ધ જળપાન કરતા રહેવાથી કઇક નવા રોગ પેદા થાય છે.

૧૩ ખાવાની વસ્તુ કઠણ હોય તો તેને ખૂબ ચાવીને પાણી જેવી પ્રવાહી કર્યા પછીજ તે ગળે ઉતારવી, તેમજ નરમ વસ્તુને પણ ધીમે ધીમે મુખમાં મમળાવ્યા પછીજ પેટમાં ઉતારવી સુખદાયક બને છે. તેમાં જેટલી અધીરજ કે ઉતાવળ કરાય તેટલી હાનિ ને પીડા સહન કરવા તૈયાર રહેવું જોઇએ. કપચો થાય તેથી.

૧૪ પીવાના પાણીની ચોખ્ખાઇ હરેક રીતે દરેકે જાળવવી જોઇએ. કોઇએ બેદરકારી રાખી પીવાનું પાણી ગોબરૂં કરવું નજ જોઇએ.

૧૫ ગમે તેવા જમણ પ્રસંગે પણ ખાનપાનમાં ચોખ્ખાઇ રાખવાની અગત્ય વિસારવી નહીં. જેમ અધિક લક્ષ તેમ અધિક લાભ થવાનો.

૧૬ અન્નાદિક ખોરાક કરતાં જળપાનની જરૂર અધિક હોઇ, તેમાં ચોખાઇ જાળવી રાખવા લગારે ગફલત ન કરવી, નહીંતો પારાવાર હાનિ થવા પામશે.

૧૭ અણગળ ને ગંદુ ને એઠું જળ પીવાથી ' વાળા ' વિગેરે વિવિધ રોગોનો ઉત્પાત—ઉપદ્રવ થવા પામે છે. સાવધાની રાખવા વડે તેથી બચી શકાય છે.

૧૮ ખાવાનો ખોરાક પણ પ્રકૃતિને માફક આવે અને હિંગ મરચાંદિક ઉત્તેજક મશાલા વગરનો સાત્વિક ને હળવો હોય તેમ ઠીક ફાયદાકારક બને છે. ઉત્તેજક ખાણાંપીણાં તો શરીરની વ્હેલી પાયમાલી કરે છે તેથી વર્જ્યજ છે.

૧૯ રસલુબ્ધ બની અધિક ખાવાથી, પેટમાં દુખવા આવે છે, દસ્ત—ઝાડા લાગે છે કે વામીટ થાય છે અથવા અજીર્ણ વિકારથી તાવ વિગેરેનો ઉપદ્રવ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦ ચા, કૉફી, કોકીન, માંસ, દારૂ, બીડી ભાંગ ને અફીણ જેવાં બધાં દુર્વ્યસનો પરિણામે પાયમાલી કરનારાં હોવાથી, સુજ્ઞ જનોએ તજી દેવાં ઘટે છે.

૨૧ રાત્રીભોજન અને વિદેશી ભ્રષ્ટ દવા, ખાંડ, સાકર વિ. ને અભક્ષ્ય સમજી તજી દેવાં જોઇએ.

૨૨ દૂધ, દહીં, છાશ, ઘી, તેલ, ગોળ જેવા પ્રવાહી પદાર્થોને બરાબર ઢાંકી બાંધી સાચવીને ન રખાય તો બેસુમાર જીવની પ્રાણ હાનિ થાય છે. તેને તપાસ્યા વગરજ એવી જીવાકુળ વસ્તુ ખાવા પીવાથી, વખતે પોતાના જીવનું જોખમ થાય છે.

૨૩ જળ જેવી જરૂરી વસ્તુને શુદ્ધ જાડા વસ્ત્રાદિક વતી બરાબર ગાળ્યા બાદ તે પીતી વખતે પહોળા વાટકા જેવા વાસણમાં લહી અજવાળે તપાસીને જ વાપરવું. તે એઠું વાસણ ફરી અઓટ જળમાં નાંખી તેને બગાડવું નહીં. શુદ્ધ ડોયા વિ. વતી જળ કાઢી વાપરવાથી ચોખ્ખાઇ ને આરોગ્ય ઠીક સચવાશે.

## હિન્દની વીર પુત્રીઓએ દેશની હાકલ સાંભળી હવે શૂર લાવવું જોઇએ.

૧ દેશકાળને ઠીક પિછાની, ડહાપણથી રહેણી કરણી ઉત્તમ પ્રકારની પાળનારી શાણી માતાઓની હોડ દુનીયાભરમાં કોણ કરી શકે એમ છે ?

૨ દુનીયામાં જે મહા અવતારી પુરૂષો જન્મ્યા તેમની જનેતાઓ ઉદાર વીર પત્નીઓ હતી. તેમના ઉત્તમ ગુણ–લક્ષણો વીર પુત્રોમાં સંક્રમેલા.

૩ કોઇ પણ મહત્ત્વના કાર્યપ્રસંગે શાણી માતાઓ પોતાના પ્રાણપ્રિય પતિઓને તેમજ પુત્રાદિકને સમયોચિત સાચી સલાહ જ આપતી હતી.

૪ ખરી વીર પુત્રીઓ ખરે વખતે પોતાનું વીરત્વ પ્રકાશ્યા વગર કેમ રહે ?

૫ આખા દેશમાં ચોતરફ જ્યારે વિદેશી વસ્ત્ર ખાનપાનનો મોહ તજી, શુદ્ધ સ્વદેશીનોજ સ્વીકાર કરવાની ગંભીર ઉદ્‌ઘોષણા થઇ રહી છે, તેવે વખતે શાણી ચકોર બેનોએ વિદેશી વસ્ત્રાદિકનો મોહ વ્હેલાસર તજી દઇ સાવધાન થઇ શુદ્ધ સ્વદેશીનો જાતે સ્વીકાર કરી, તેમ કરવા બીજી મુગ્ધ બેનોને સમજાવવી ઘટે.

૬ 'શાણી માતા સો શિક્ષકોની ગરજ સારે' એ કહેતીને સાચી પાડવી જોઇએ.

૭ ઉત્તર, પૂર્વ ને મધ્યમ પ્રદેશવાસી બ્હેનો પોતાના દેશબંધુઓને દેશસેવામાં ઘણી રીતે મદદ કરી શકે છે, તેમ બીજી બધી હિન્દવાસી બેનો ધારે તો સ્વદેશ સેવામાં કંઇ ને કંઇ રીતે મદદગાર થઇ શકે ખરી. જે પોતાની જાતને નિઃસ્વાર્થપણે દેશસેવામાં અર્પી શકે છે તે બીજા અનેક ભાઇ બ્હેનોને પણ માર્ગદર્શક બને છે. એવી સાત્ત્વિક જનેતાઓનીજ હિન્દને ખરી જરૂર છે.

સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાલોચક.

( શાહ છોટાલાલ મગનલાલ. )

જે દેશમાં, જે ભાષામાં, જે સમાજમાં, જે ધર્મમાં અને જે સાહિત્યમાં, જે વિશેષતાઓ, જે રત્નો, જે મહાન્ વ્યક્તિઓ, ધર્મનાં મહાન્ અમૂલ્ય જે તત્ત્વો યા જે જે ગૌરવશાળી આદર્શો ખુણે ખાંચરે પડી રહ્યાં હોય, તે સર્વને પ્રકાશમાં લાવનાર, તે દેશમાં, તે સમાજમાં, તે ધર્મમાં અને તે સાહિત્યમાં અત્યુત્તમ સમાલોચકોના અસ્તિત્વને આભારી છે. ઉપર્યુક્ત સ્થાનોમાં જ્યાં જ્યાં સમાલોચકો નહિં હોય ત્યાં ત્યાં અનેક અમૂલ્ય બનાવો, અનેક મૂક ભાવે કરી રહેલ સેવાઓ સર્વ અંધારામાં રહે છે. આ ઉપરથી એમ તો ન સમજવું કે તે સેવા યા તત્ત્વો કે વિશેષતાઓ સમાલોચકો વિના નિરર્થક જાય છે, પરંતુ એથી જે વિશિષ્ટ ફળ આવવું જોઇએ તે નથી આવતું. નૂતન ભાવના જેટલા પ્રમાણમાં સમાલોચકથી જાગૃત થઇ શકે તેટલી તેના વિના થવી અસંભવ છે. ધારો કે દેશમાં એક વ્યક્તિ અનુપમ સેવા બજાવી રહેલ હોય, ત્યારે તેનું ફળ સમાલોચક વિના એવુંજ આવે કે તે જે પ્રાંતમાં જે ગામમાં યા જે ભાગમાં સેવા બજાવી રહેલ હોય તેનો આદર્શ તે ગામમાં યા તે ભાગમાંજ ખડો થાય એટલે તેના ચારિત્રાનુકરણ થોડીજ વ્યક્તિઓ કરી શકે. પરંતુ ત્યાં જો સમાલોચકનું અસ્તિત્વ હોય તો તેના આદર્શનો લાભ મોટા સમુદાયમાં આખા દેશમાં પહોંચાડી શકે છે. જેમ જેમ આદર્શ વિશુદ્ધપણે દેખાય છે, તેમ તેમ તેના જેવી અનેક વ્યક્તિઓ મોટા પ્રમાણમાં મળી આવે છે. આજ દૃષ્ટાંતાનુસાર સમાજ, યા ધર્મમાં સમજવું. સમાજમાં જે વિશેષતાઓ હોય તે સમાલોચક પ્રકાશિત કરી સમાજનું ગૌરવ વધારે છે, કેટલીક કુશંકાઓ નિર્મૂળ બનાવે છે. તદનુસાર જે ધર્મમાં જે જે વિશિષ્ટ તત્ત્વો હોય તેને તેના ખરા સ્વરૂપમાં સમાલોચક મોટા ભાગમાં પહોંચાડી શકે છે. પોતાના સમાજમાં યા અન્ય સમાજમાં ધર્મતત્ત્વો માટે જે જે શંકાઓ થતી હોય, જે જે અયોગ્ય હુમલાઓ થતા હોય, જેથી શ્રદ્ધા ઉઠી જઇ અશ્રદ્ધા ફેલાતી હોય, તે સર્વને માટે શંકાઓ દૂર કરવા, હુમલા કરનારાઓને સચોટ યુક્તિ પુરઃસર ઉત્તર આપવા, ઉઠતી શ્રદ્ધાને મજબુત કરવા ખાસ અત્યુત્તમ સમાલોચકો જોઇએ. આથી સમજાશે કે સમાલોચક તે કોણ ? સમાજનો, ધર્મનો, દેશનો કે સાહિત્યનો અરૂણ કહી શકાય. સમાલોચકો, વિશેષતાઓ, ગૌરવો યા ઝવાહીરોને પ્રકાશમાં લાવે છે એટલુંજ નહિ પણ આ સિવાય એક અન્ય પણ મહાત્ત્વનું કામ બજાવે છે. સવિતાનારાયણને પ્રકાશમાં લાવતાં પહેલાં અરૂણ તારાઓને નિસ્તેજ બનાવી દે છે, તેમ તે-સમાલોચક પણ દેશમાં કોઇ સ્વાર્થી, નિસ્વાર્થતાનો દાવો કરી જશ ખાટી જતો હોય તો તેને પલવારમાં ટકાનો તેર શેર બનાવી દેશે, સમાજમાં કોઇ દુર્ગુણી તત્ત્વો દાખલ થયાં હોય તો તેની સામે કમર કસી દૂર કરાવી શકશે. સાહિત્યમાં જો ઉત્પથાકર્ષક સાહિત્ય પ્રગટ થતું હશે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાલોચક તે લેખકને પળવારમાં શરમીંદો બનાવી દેશે. ધર્મમાં જો કોઇ ખોટાં તત્ત્વો દાખલ થતાં હોય તો સમાલોચક હશે તો તેને દૂર કરાવી શકશે. અને તેનું સત્ય નૂર કાયમ રાખી શકશે; તે સર્વ ક્યારે ? સમાલોચકો હોય ત્યારે જ.

ઉપર્યુક્ત સમાલોચકની શ્લાઘા વાંચી કોઇ લેખકને સમાલોચક થઇ જવા હૃદય આકર્ષાશે. પણ તે હૃદયને તે તરફ ઝુકાવ્યા પહેલાં શાન્ત મને એટલું ચોક્કસ વિચારશો કે તમારામાં સમાલોચકની યોગ્યતા છે કે કેમ ? કારણ તેના માટે ખાસ અમુક યોગ્યતા પ્રાપ્ત કરવી જોઈએ. અને તે હવે આપણે તપાસીએ.

સમાલોચક મૂળતત્ત્વોને બરાબર જાણનાર હોવો જોઇએ. જેના સામો ઉત્તર આપવો હોય તેનો આશય બરાબર સમજતો હોવો જોઇએ. તુલનાત્મક દૃષ્ટિ બરાબર હોવી જોઇએ, વિશાળ દૃષ્ટિ અને વિશાળ હૃદય હોવું જોઇએ. વર્તમાન અને ભૂતના બનાવોથી બરાબર જાણકાર હોવો જોઇએ. ભવિષ્યનું ભાવિ જાણવાની યોગ્યતા હોવી જોઇએ. પોતે કેટલો યોગ્ય, કેટલો જાણકાર અને કેટલો ઝવાહીરવાળો છે તેની મન સાથે તુલના કરવી. આવી તુલના કર્યા વિના જો સમાલોચના માટે કુદી પડશો તો તેમાં તમારી હાંસીજ થવાની. તમારી કિંમતજ અંકાવાની. તમારા વિષે પહેલાં જે કંઇ ભાવ હશે, તે પણ નષ્ટ થવાનો. આથી સમાલોચના કરતાં પહેલાં બરાબર વિચાર કરજો.

અયોગ્ય સમાલોચક હોય તો દેશને, સમાજને અને ધર્મને કેટલું નુકશાન પહોંચાડે છે તે કલ્પવું પણ અશક્ય છે. દેશમાં જો ઉત્તમોત્તમ, નિઃસ્વાર્થ વ્યક્તિ અનુપમ સેવા બજાવી રહેલ હોય તેની સમાલોચના એક અયોગ્ય સમાલોચકના હાથે થવા પામે તો તે આખા દેશને પારાવાર નુકશાન પહોંચાડે છે. જો સમાજમાં કોઈ માણસ સારા સુધારા દર્શાવે તેના સામે પડી સમાજનું ભાવિ ભયંકર ચિત્રોથી આલેખે છે. તેમ સાહિત્યમાં જો તેવો હોય તો તે સાહિત્યની જે કોઇ ખાસ વિશેષતાઓ દર્શાવે તેના સામો પડી નિર્મુળ કરી નાંખે છે. આવા આવા અનેક દુર્ગમ માર્ગો ઉપસ્થિત કરે છે. આવા પ્રસંગો જેણે બારીક નિરિક્ષણ સાથે વિસ્તૃત સાહિત્યાવલોકન કર્યું હશે તેની દૃષ્ટિ બહાર તો નહિજ હોય.

જૈન સમાજમાં અધુના વિશુદ્ધ, વિશાળ દૃષ્ટિ અને અનેક પ્રકારના તત્ત્વોના સાહિત્યથી ભરેલા હૃદયવાળા સમાલોચકોની કેટલી જરૂરીઆત છે, તે સુજ્ઞ વાંચક કે લેખકથી ભાગ્યેજ અજાણ્યું હશે, અને હું તેનાં કેટલાંક દૃષ્ટાંતો આપી ખાત્રી કરાવી આપીશકે હાલમાં કેવા સમાલોચકોની જરૂર છે.

આપણા સમાજમાં હમણાં હમણાંથી કેટલીક સંસ્થાઓ તરફથી અત્યુત્તમ સાહિત્ય પ્રકાશમાં આવેલ છે છતાં ઘણા વિદ્વાન માણસો તે જાણતા પણ નથી. મોટા સાહિત્યભોગી કહેવાતા પણ તેથી અજ્ઞાત રહેલા છે. આથી સમજાશે કે સાહિત્યભોગીઓ સારા સાહિત્યથી બેનશિબ રહે છે અને પ્રકાશિત કરેલ સંસ્થા ગ્રહાકો વિના પોતાના ઉમંગને નિરાશમાં રૂપાંતર કરે તે સમાલોચકો નહિં હોવાનું પરિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણામ છે. જેમ કે હમણાં શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી "પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભા. ૨" બહાર પડયો છે તેની સમાલોચના 'જૈનધર્મ પ્રકાશ' 'સાહિત્ય' 'બુદ્ધિ પ્રકાશ' 'ગુજરાતી' વગેરે અનેક પત્રોમાં વાંચી પણ તેમાં દરેક પુસ્તક માટે જે શબ્દો લાંબા કાળથી તંત્રીઓએ ગોખી રાખ્યા હોય છે તે વિના ભાગ્યેજ તે સમાલોચનામાં તે લેખ સંગ્રહની વિશિષ્ટતાઓ જણાશે. હવે તેજ લેખ સંગ્રહની હિંદી માસિક "સરસ્વતીના" જુન માસના અંકમાં વિદ્વદ્વર્ય મહાવીરપ્રસાદ દ્વિવેદીના દ્વારા લખાએલી સમાલોચના વાંચવાથી સમજાશે કે, યોગ્ય સમાલોચક કેવી સમાલોચના કરી શકે છે, તેમ ગ્રંથનું, લેખકના પરિશ્રમનું તેમ તે ધર્મનું કેવું મહત્ત્વ વધારે છે, તેમ પ્રકટ કરનાર સંસ્થાને પણ કેટલી ઉત્સાહિત કરે છે. જૈનેતર તેમજ અન્ય પ્રાંતીય, અને અન્ય ભાષા ભાષીય હોવા છતાં કેવા કેવા સુક્ષ્મ નિરિક્ષણ સાથે, તુલનાત્મક દ્રષ્ટિથી, પૃથક્કરણ કર્યું છે તે ઉક્ત સરસ્વતિનો અંક વાંચવાથીજ ખ્યાલ આવશે.

આજ પ્રમાણે આગ્રાના આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળથી હિંદી ભાષામાં કેવાં અત્યુત્તમ પુસ્તકો પ્રકાશિત થયેલ છે, તેથી ભાગ્યેજ આપણો સમાજ માહિતગાર હશે. ત્યાંથી પ્રકાશિત થયેલ છુટક છુટક ચાર કર્મ ગ્રંથો, પંચ પ્રતિક્રમણ અને વીતરાગ સ્તોત્રાદિ. વગેરેના શાન્ત ચિત્તે અધ્યયન કરવામાં આવે તો ખ્યાલ આવશે કે કેટલાં પરિશ્રમથી લખાયા છે. આપણા ગુજરાતમાં ઘણા વિદ્વાન સાધુઓ, વિદ્વાન ગૃહસ્થ લેખકો અને કેટલીક પુસ્તક પ્રચારક સંસ્થાઓ હોવા છતાં, અને ઉક્ત ગ્રંથો ગુજરાતી ભાષામાં જૂદી જૂદી સંસ્થાઓ તરફથી કેટલીય આવૃત્તિઓ બહાર પડયા છતાં તે આગ્રાવાલા પુસ્તક પ્રચારક મંડલના કર્મગ્રંથ કે પંચ પ્રતિકમણની બુકો તુલનાત્મક દ્રષ્ટિથી પૃથક્કરણ કરશો તો તેની વિશિષ્ટતાઓ તુરત જણાઈ આવશે. ગુજરાતમાં પ્રકાશિક થયેલા ઉકત ગ્રંથોનું દશમી સદીનું સંસ્કરણ લાગશે ત્યારે આગ્રાવાળા ગ્રંથો વીસમી સદીની અનેક વાનગીથી ભરેલા લાગશે. ઉકત ગ્રંથોના વિષયોમાં દીગંબર, વૈદિક કે બૌદ્ધોનું શું શું મન્તવ્ય છે ? તે ખાસ કરીને જૂદાં જૂદાં પરિશિષ્ટ રૂપે આપી વાચકને આધુનિક જમાનાને અનુસરતું ચારે બાજુના જ્ઞાનથી માહિતગાર બનાવે છે. તેમ તે ગ્રંથોની પ્રસ્તાવનાજ વાંચવાથીજ લેખકની વિદ્વતા, પરિશ્રમ અને સંસ્થાનું તે માટે અપાતું ખાસ ધ્યાન તે આપણા લક્ષ્યમાં તુરતજ આવી જાય છે. આવા અમૂલ્ય તત્ત્વોથી ભરેલા ગ્રંથોની સમાલોચના આપણા જૈનોના કોઇ માસિકમાં કોઇના પણ હાથેથી લખાયેલી વાંચવામાં આવી છે ! કેટલું બધું દુર્લક્ષ; જો આપવામાં આવી હશે તો બસ એકના એક જ શબ્દ સારા કે ઉતરતા સાહિત્યને માટે પુસ્તક સારૂં છે એટલે તંત્રી જાણે પોતાની ફરજથી મુક્ત થતા હોય તેમ જણાય છે. અસ્તુ ! જે વિષયમાં પોતાના લાંબા અભ્યાસ વિના જેમ મગજમાં આવ્યું તેમ લખવાથી શું નુકસાન આવે છે. પોતાના જ્ઞાન માટે બહાર શું કિંમત અંકાય છે, તેના એક બે દષ્ટાંતો વાંચક વાંચશે તો ખાત્રી થશે.

( ચાલુ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મધ્યમ અવસ્થાનો ઉપયોગ.

## વિઠ્ઠલદાસ–મૂ–શાહ.

(૧૩)

ગત લેખની અંદર યુવાવસ્થામાં કરવા યોગ્ય કર્તવ્યો તથા તેના ઉપયોગ બતાવવામાં આવ્યા છે. હવે આ લેખની અંદર મધ્યમ અવસ્થાના કર્તવ્યોનું દિગ્દર્શન કરીને એ બતાવવામાં આવશે કે તેનો સદુપયોગ કેવી રીતે કરી શકાય છે.

આગળ કહેવામાં આવ્યું છે તેમ યુવાવસ્થાનું કર્તવ્ય ઉપાર્જન તથા સંગ્રહ છે. એવીજ રીતે મધ્યમ અવસ્થાનાં કર્તવ્યોનું પણ થોડા શબ્દોમાં વર્ણન કરવામાં આવે તો આપણે નિશ્ચય પૂર્વક એટલું કહી શકીયે કે એ અવસ્થાનું એક માત્ર કર્તવ્ય યુવાવસ્થામાં ઉપાર્જિત તથા સંગૃહીત કરેલા ગુણોને અર્થાત્ પૂર્વ "સંચિત" જે "ક્રિયમાણ" નું સ્વરૂપ આપવું એ છે. એ બતાવવાની આવશ્યકતા નથી કે પ્રત્યેક કાર્યને માટે અનુકુળ સમય નિયત રહે છે. સંસારની સ્થિતિ–વિચિત્રતાને લઇને જેવી રીતે પ્રત્યેક મનુષ્યનાં કર્તવ્યોમાં ભેદ પડી જાય છે, તેવી રીતે મનુષ્યોની ભિન્નભિન્ન અવસ્થાઓને લઇને તે ઉત્પન્ન થઇ જાય છે. જે વાતો બાલ્યાવસ્થા અથવા તરૂણાવસ્થામાં શોભાસ્પદ હોય છે તે પ્રૌઢ અથવા વૃદ્ધ અવસ્થામાં શોભાસ્પદ નથી હોતી. જે અવસ્થામાં જે પ્રકારનું કર્તવ્ય ઇષ્ટ અને અનુકુળ હોય છે તે અવસ્થામાં તેનું યથાવત્ સંપાદન થઈ જાય તો મનુષ્ય એક વિશેષ પ્રકારનું મહત્વ પ્રાપ્ત કરે છે અને તેનું વર્તન સ્તુત્ય તથા ઉદાહરણીય માનવામાં આવે છે. એટલા માટે જીવન–સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખનાર પ્રત્યેક મનુષ્યને માટે જરૂરનું છે કે તેણે પોતાનાં જીવનને અનુકૂળ આચરણો યોગ્ય રૂપે નિશ્ચિત કરીને તદનુસાર પોતાનું વર્તન રાખવા માટે નિરંતર પ્રયત્નશીલ રહેવું જોઈએ.

જરા વિચાર કરવાથી એ વાત સુસ્પષ્ટ થઇ શકે છે કે યુવાવસ્થા અથવા વૃદ્ધાવસ્થાની કર્તવ્યોની અપેક્ષાએ મધ્યમ અવસ્થાનાં કર્તવ્યો ઘણાજ ગંભીર તથા વિસ્તૃત છે. એ અવસ્થામાં મનુષ્ય પોતાનાં જીવનનાં કાર્યક્ષેત્રમાં પ્રવેશ કરીને અનેકાનેક ઉદ્યોગોમાં પડી જાય છે, તે સાથે ગૃહસ્થ તરીકેનો ભાર પણ તેની ઉપર ખુબ આવી પડે છે, તેમજ વૃદ્ધાવસ્થા માટે સુખ–સાધનોનો સંચય કરવાનો સર્વોત્તમ સમય પણ એજ હોય છે. પરંતુ જો એ અવસ્થા અકર્મણ્યતામાં વીતાવી દેવામાં આવે–તેનો યથોચિત ઉપયોગ ન કરવામાં આવે તો વૃદ્ધાવસ્થા નિતાન્ત દુઃખદાયક નિવડયા વગર રહેતી નથી. તેથી કરીને શોકમય અનિષ્ટ પરિણામ દૂર કરવા માટે કે પાપ સ્વરૂપ મધ્યમાવસ્થાના જે જે કર્તવ્યો છે તે ઉપર ઘણુંજ ધ્યાન આપવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુવાવસ્થા પૂર્ણ કર્યા પછી પ્રૌઢ અવસ્થામાં પદાર્પણ કરનાર મનુષ્યનું સૌથી પહેલું કર્તવ્ય એ છે કે તેણે પોતાનાં મનને નિકૃષ્ટ વાતોથી ધીમે ધીમે હઠાવીને પોતાની અવસ્થાને શોભાવે એવી વાતો તરફ વાળવું જોઇએ. મનોવિકારોની ઉચ્છૃંખલતા યુવાવસ્થામાંજ ઉપેક્ષણીય રહે છે. પરંતુ તે સમય વીત્યા બાદ તેની અધિકતા ઘટી જવી જોઇએ. એમ ન બને તો મનુષ્ય હાંસીપાત્ર જ બને છે. ઉપહાસ તેમજ તિરસ્કારથી બચવા માટે અવસ્થાનુરૂપ પ્રૌઢતા તથા ગંભીરતાનો સ્વીકાર કરવાની પરમ આવશ્યકતા છે. હા એ સહસા સંભવિત નથી કે તરૂણ અવસ્થા પૂરી થતાં વેંતજ મનુષ્ય પોતાની ચિર-અભ્યાસી ઉદ્દંડ વૃત્તિઓનો પણ ત્યાગ કરી શકે, પરંતુ ક્રમે ક્રમે પ્રયત્ન કરતા રહેવાથી એ વૃત્તિઓ અવશ્ય દૂર થઇ શકે છે. સ્વભાવમાં કંઇક ખામીને લઇને આપણે બીજાને દુઃખ દઇને તેનું કોઇને કોઇ પ્રકારનું અહિત તો કરીએજ છીએ, પરંતુ આપણે તેને લઇને આપણું પોતાનું પણ હમેશાં અહિત કરીએ છીએ. એટલા માટે દેશ અને સમાજની દષ્ટિથી નહિ, પરંતુ આપણા સ્વાર્થ ત્યાગની દષ્ટિથી તો સ્વભાવની ખામી દૂર કરવી જોઇએ.

મધ્યમાવસ્થાના મનુષ્યનું બીજું ઉચિત કર્તવ્ય એ છે કે તેણે એ સર્વ સાધારણ વાત પ્રદર્શિત કરી દેવી જોઇએ કે પોતામાં અને યુવાન પુરૂષોમાં બે વાતનું અતિ મહાન અંતર છે. પહેલી વાત એ છે કે પોતાનાં વર્તનમાં અવસ્થાનુસાર સાત્વિક પરિવર્તન થયું છે, અને બીજી એ છે કે પોતામાં વિલાસપ્રિયતાની માત્રા દિનપ્રતિદિન ઘટતી જાય છે. પ્રૌઢ મનુષ્યની ચિત્તવૃત્તિ શાંત તેમજ સુવિચારમય હોવી જોઇએ એ અવસ્થામાં જો માણસ વિલાસ અને આમોદ પ્રમોદમાં મગ્ન રહ્યા કરે તો તેના તરફ લોકોનો પૂજ્યભાવ નષ્ટ થઇને ઘૃણા અથવા તિરસ્કાર ઉત્પન્ન થવા લાગે છે અને તે સમાજમાં નિન્દિત બની જાય છે. તે અવસ્થાનો હેતુ ઇશ્વરનિર્દિષ્ટ આપણું જીવનકાર્ય પૂર્ણ કરવાનો છે. એટલા માટે વિલાસાદિ આલસ્યપૂર્ણ કાર્યો ત્યજી દઇને તે સમય સઘળાં ઉત્તમ કાર્યો કરવામાં ઉત્સાહ સહિત લાગી જવાનો છે. ઉત્સાહવૃત્તિ એ એવી ચીજ છે કે જે મનુષ્યની સઘળી અવસ્થાઓમાં હોવી જોઇએ કેમકે તે વડે મનુષ્યને હંમેશાં પ્રસન્નતા અને સફળતા પ્રાપ્ત થાય છે. પરંતુ એ મધ્યમાવસ્થામાં તો પ્રત્યેક કાર્યમાં નિરંતર ઉત્સાહ ટપકતો રહેવો જોઇએ. કેમકે એ અવસ્થા મુખ્યત્વે કરીને કાર્ય કરવા માટેજ છે, તેથી કોઇ પણ કાર્યમાં ઉદાસીનતાની ગંધ પણ ન હોવી જોઇએ. સ્મરણમાં રાખવું કે મધ્યમાવસ્થાની એ ઉત્સાહવૃત્તિ યૌવનકાલની ચંચલ તથા જોશપૂર્ણ ઉદ્દંડ વૃત્તિથી તદ્દન ભિન્ન છે.

જેની તરૂણા અવસ્થા વ્યતીત થઇ ગઇ હોય એવા મનુષ્ય માટે ત્રીજી આવશ્યક વાત એ છે કે તેણે ભવિષ્યપર સમુચિત ધ્યાન આપીને વર્તમાન કાળના કર્તવ્યોમાં નિમગ્ન રહેવું જોઇએ. હમેશાં ભવિષ્યપર ધ્યાન આપવાથી અને વર્તમાનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપેક્ષા કરવાથી જેવી રીતે હાની થાય છે તેવી રીતે કેવળ સંકુચિત વર્તમાનપર ધ્યાન આપી ભવિષ્યના વિષયમાં બેદરકારી રાખવાથી ઘણીજ હાની થાય છે. ઉક્ત કર્તવ્યનું પાલન સ્હેજે થઇ શકે છે. તેનો ઉપાય એ છે કે સુખોપભોગના વિષયમાં સંયમ રાખવાની ટેવ પાડવી જોઇએ. તરૂણ અવસ્થામાં મનુષ્યનું મન વિષયાદિ સુખોમાં સ્વાભાવિક રીતે મગ્ન રહે છે અને એક વખત વિષયાસક્ત થયા પછી તે વિષયોથી વિરકત કરવા માટે ઘણોજ પરિશ્રમ કરવા છતાં પણ સફલતાની સંભાવના વધારે રહેતી નથી. એટલા માટે સ્થાયી દુ:ખ આપનારા ક્ષણિક સુખો પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં ન લાગતાં હમેશાં એવાં કાર્યો કરતા રહેવું જોઈએ કે જેનાથી તાત્કાળિક દુ:ખ થાય તોપણ ચિરસ્થાયી સુખપ્રાપ્તિની વધારે આશા તથા સંભાવના રહે. વિષય–કાનન દેખાવમાં ઘણુંજ શોભાયમાન છે, પરંતુ તેનું પરિણામ અત્યંત ભયપ્રદ છે. તેના વિસ્તીર્ણ પ્રદેશમાં જે મનુષ્ય યથેચ્છ સંચાર કરે છે તેનાથી આત્યંતિક સુખો અવશ્ય વેગળા રહે છે. જે લોકોએ વિષયારણ્યમાં મનમાન્યો વિહાર કરીને પોતાનું જીવન સર્વથા દુ:ખમય બનાવી દીધું છે તે લોકો આપણને નિરંતર ઉપરોક્ત અનુભવની સૂચના આપ્યા કરે છે. તેઓના તે અનુભવ ઉપરથી આપણે અવશ્ય ધડો લેવો ઘટે છે.

તરૂણ અવસ્થા વીતી ગયા પછી પ્રૌઢ અવસ્થામાં આપણે જે માર્ગે ચાલશું, જે પ્રકારનું આચરણ રાખશું તે માર્ગ અને તે આચરણ ઉપર ઘણે ભાગે આપણી કીર્તિ, ભાગ્ય, સુખ તેમજ સફલતા અવલંબિત રહેશે. એ અવસ્થામાં આપણે ઘણાંજ કાર્યો કરવા પડે છે. તે સમયે સમાજ અને દેશની સાથે આપણો કંઇક વધારે ગાઢ સંબંધ રહે છે. સમાજ અને દેશની ઉન્નતિ કરવાની જવાબદારી પણ એ સમયે આપણાં શિરે રહે છે. એટલા માટે એ અવસ્થાનું ચોથું પરમ પવિત્ર કર્તવ્ય એ છે કે આપણે આપણા સમાજ અને દેશની ત્રુટીઓ, આવશ્યકતાઓ અને ઉન્નતિનાં સાધનોનો પૂરેપૂરો વિચાર કરીને આપણી શારીરિક, માનસિક તથા સાંપતિક દશા અનુસાર તેના કલ્યાણ માટે અવિશ્રાંત ઉદ્યોગ કરવો જોઈએ. આપણને જે 'કર્તૃત્વ શક્તિ' લક્ષવામાં આવી છે તેને વૃથા ન જવા દેતાં તેનો સદુપયોગ કરવાનો એજ ઉચિત સમય છે. ઘણે ભાગે આળસુ તથા અકર્મણ્ય મનુષ્યો પોતાના ઉપરથી સમાજ દેશ સંબંધી કર્તવ્યોની જવાબદારી એમ કહીને ખસેડી દે છે કે "ભાઈ, હું તો આ અનંત સૃષ્ટિમાં એક રજકણ સમાન છું. મારી જેવો શક્તિહીન, બુદ્ધિહીન અને દ્રવ્યહીન મનુષ્ય આટલા મોટા સમાજ અથવા દેશનું શું હિત કરી શકે ?" પરંતુ આ પ્રકારના આલસ્યપૂર્ણ અવિચારવાદની અસત્યતા શોધવા માટે ઘણે દૂર જવું પડે તેમ નથી. સ્હેજ વિચાર કરવાથીજ પ્રતીત થઈ શકે તેમ છે કે જો દેશ તથા સમાજના અંગભૂત પ્રત્યેક વ્યકિત આ રીતે અનર્ગલ વાતો કર્યા કરે તો સર્વ દેશો અને સમાજોના સઘળાં કાર્યો તત્ક્ષણેજ બંધ થઇ જાય અને કોઇ દેશ અથવા સમાજની ઉન્નતિ થઇ શકેજ નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે એ અવસ્થામાં સમાજ અને દેશની સાથે આપણો ઘનિષ્ઠ સંબંધ રહેલો છે ત્યારે પછી એ જાણી લેવું જરૂરનું છે કે સમાજ તેમજ દેશ પ્રતિ અનંત કર્તવ્યોમાંથી આપણે કયા કયા કર્તવ્યોનું પાલન કરી શકીયે તેમ છીએ. એટલા માટે સમાજમાં જે મહાન ઘટનાઓ બન્યા કરતી હોય છે તે સર્વના વિષયમાં હમેશાં આપણે સચેત અને સાવધાન રહેવું જોઇએ. સ્વદેશ તથા સમાજમાં હમેશાં જે અનેક હીલચાલો બન્યા કરતી હોય છે તે સઘળી યથાર્થ રૂપે જાણીને તે તરફ ઉચિત ધ્યાન તથા યોગ આપવાનો અર્થાત્ પૂર્વાવસ્થામાં સંચિત કરેલી સઘળી શક્તિઓને દક્ષતાપૂર્વક " સારા " કાર્યમાં લગાવી દેવાનો સમય એ પ્રૌઢ અવસ્થા જ છે. મનુષ્યોમાં જે સ્વાભાવિક સમાજપ્રિયતા તથા દેશપ્રેમ દૃષ્ટિગોચર થાય છે તેનાથી એ અનુમાન થાય છે કે કદાચિત્ કુદરતનો એ નિયમ હોય કે એક મનુષ્યે બીજાને મદદ કરવી તથા તેનું ભલું કરવું. આપણે જોઇએ છીએ કે આપણા શરીરનું પ્રત્યક અંગ જ્યારે પોતપોતાનું કાર્ય ઉચિત રીતિથી કરે છે, ત્યારે આપણાં શરીરના તમામ વ્યાપાર સારી રીતે ચાલે છે; પરંતુ જ્યારે તેમાંથી કોઈ અંગ પોતાનું નિયત કાર્ય બરાબર રીતે કરી શકતું નથી ત્યારે આપણા જોવામાં આવે છે કે શારીરિક વ્યાપાર કોઇને કોઈ અંશમાં પંગુ અને અપૂર્ણ બની જાય છે. એ રીતે જ્યારે સમાજના સભ્યો-કે જેઓ સમાજરૂપી વિરાટ્ શરીરના અંગ પ્રત્યંગ સમાન છે-પોતાની યોગ્યતાનુસાર સઘળાં સામાજીક કાર્યો અર્થાત્ પોતપોતાના કર્તવ્યાંશ સારી રીતે કરતા રહે છે ત્યારે તે સમાજનું સંપૂર્ણ કાર્ય ઉત્તમ રીતે ચાલે છે; પરંતુ સમાજનો એક પણ સભ્ય કુવિચારને વશ બનીને પોતાનાં કર્તવ્ય પાલનમાં શિથિલ બનવા લાગે છે કે તરતજ કોઇ અંશમાં તે સમાજનું કાર્ય બગડી જાય છે. એટલા માટે જેઓ બલવાન હોય તેઓએ શત્રુઓથી સમાજનું રક્ષણ કરવું જોઇએ. જેઓ વિદ્વાન હોય તેઓએ પોતાના સમાજના સભ્યોને સુશિક્ષિત કરવા જોઇએ, કોઈ નવી નવી યોજનાઓનો આવિષ્કાર કરવો જોઇએ, અંતરંગ વ્યવસ્થાનો કોઈ પ્રબંધ રચવો જોઇએ, જીવન નિર્વાહના નવાં નવાં સમયોચિત સાધનો શોધી કાઢવા જોઈએ, પરિશ્રમજીવી મનુષ્યો માટે કાર્યો સુલભ કરવાનો કોઈ ઉદ્યોગ કરવો જોઇએ ઇત્યાદિ. કોઇપણ સુવ્યવસ્થિત સમાજ તથા દેશની અંદર સ્વામી-સેવક, સ્ત્રી-પુરૂષ, પિતા-પુત્ર, ભાઇબ્હેન, ઇષ્ટમિત્ર, રાજાપ્રજા ઇત્યાદિ અનેક સંબંધો જોવામાં આવે છે. ઉક્ત સર્વ સંબંધો યોગ્યતાપૂર્વક નિભાવી લેવાથી મધ્યમાવસ્થાની એક મહાન જવાબદારીની પૂર્તિ થાય છે.

એ અવસ્થામાં સ્વાર્થ, મત્સર, દ્વેષ, લોભ વિગેરે દુર્ગુણોનો ઘણો ભય રહે છે. તેથી ઉક્ત દુર્ગુણોથી બચવું એ મધ્યમાવસ્થાના મનુષ્યોનું પાંચમું કર્તવ્ય છે. મનુષ્યની નીતિમત્તા તથા સજ્જનતા નષ્ટભ્રષ્ટ કરવા માટે દુર્ગુણ અને દુર્વિકારરૂપી ઘોર શત્રુઓ હમેશાં હુમલો કર્યા કરે છે. તે ભીષણ આક્રમણોથી પોતાનું રક્ષણ કરવા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચતુરાઇ, આધ્યાત્મિક સાહસ તથા સમયસૂચકતાની જરૂર છે. તરૂણ અવસ્થામાં મનુષ્યના સદ્દગુણો લુંટી લેવા માટે વિષય વિકાર તથા યુવાવસ્થાનો ઉન્માદ જેવી રીતે પોતાનું બળ અજમાવ્યા કરે છે તેવી રીતે મધ્યમાવસ્થામાં મનુષ્યોના મહા મહેનતે બચાવેલા ગુણોનું હરણ કરવા માટે ઉપર્યુકત દુર્ગુણો નિરંતર હુમલો કર્યા કરે છે. તેથી કરીને એ અવસ્થામાં અત્યંત સાવધાન રહેવાની જરૂર છે. નિંદ્ય સ્વાર્થપરાયણતા આદિ દુર્ગુણોને લઇને મનુષ્યમાં એક પ્રકારનું પાપમૂલક બાયલાપણું આવી જાય છે કે જેને લઈને તેનાં હૃદયમાં ઉદારતા, વત્સલતા, સહિષ્નુતા, મમતા વિગેરે કોમળ દૈવી ગુણો માટે સ્થાન રહેતું નથી; જેને પરિણામે એ મનુષ્યનું ‘ મનુષ્યત્વ ’ સર્વથા નષ્ટ થઇ જાય છે અને તેનામાં કેવળ ‘ પશુત્વજ ’ પ્રાધાન્ય ભોગવે છે. પરંતુ જે મનુષ્યો પોતાના જીવન–સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરીને પોતાનું મુખ ઉજ્વળ કરવા ચાહતા હોય તેઓએ ઉકત દુર્ગુણોથી બચવાના અવિરત પ્રયત્નો આદરવા જોઈએ.

બાલ્ય અને તરૂણ અવસ્થામાં આપણાં આયુષ્યનો કેટલો અંશ કેવી રીતે વીતી ગયો, કેવા કેવા પ્રકારની હજારો ઘટનાઓ બની ગઇ, વિગેરે બાબતોનો, અર્થાત્ ભૂતકાળની ઘટનાઓનો તેનાં કારણ તથા પરિણામ સહિત મનનપૂર્વક વિચાર કરવો એ છઠું આવશ્યક કર્તવ્ય છે. તેના પર યોગ્ય વિચાર કરીને આપણે એવી ચતુરાઇ શીખી લેવી જોઇએ કે જેથી કરીને આપણે આપણું શેષ આયુષ્ય સુખપૂર્વક સ્વપરહિત સાધનમાં લગાવી શકીએ. ભૂતકાળના વિષયમાં આ પ્રકારનું મનન કરતી વેળાએ આપણે દયાળુ કુદરતને ધન્યવાદ આપવો જોઇએ કે જેણે આપણને સુખપૂર્વક રાખીને સન્માર્ગનું સેવન કરવા માટે વારંવાર પ્રેરણા કરી છે અને જેની નિઃસીમ કૃપાવડે આપણને એ પ્રૌઢાવસ્થા જોવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે. એ રીતે આપણામાં પ્રત્યેક બાબતની જીજ્ઞાસા અને તત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા બળવાન હોવી જોઈએ. સર્વ સાધારણ લોકોના આચાર વિચાર તથા રૂઢિયોમાં ફેરફાર, તેઓની રહેણી કરણીમાં વિલક્ષણ પરિવર્તન, નવીનતાના ધારા પ્રવાહમાં અનાવશ્યક પ્રાચીનતાનો લોપ, જીવન–કલહના સાધનોની નિત્યનુતન વિષમતા, વિશ્વની હમેશાં પરિવર્તનશીલ ગતિ વિગેરે બાબતોની કાર્યકારણ પરંપરા તેમજ ઇતિહાસનું યથાર્થ સ્વરૂપ જાણવાનો સમય એ પ્રૌઢાવસ્થાજ છે. સાચું સ્થાયી સુખ તથા માનસિક શાંતિ પ્રાપ્ત કરવા માટે સતત જીજ્ઞાસા અને યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ સિવાય બીજું કોઇપણ સાધન નથી, એટલા માટે તેની પ્રાપ્તિ માટે હમેશાં ઉદ્યમવંત રહેવું જોઈએ. સ્મરણમાં રાખવા જેવી વાત છે કે પ્રૌઢ મનુષ્ય વૃદ્ધાવસ્થાનું હર્ષપૂર્વક સ્વાગત કરી શકે છે કે જેણે એ અવસ્થામાં કેવળ વયોવૃદ્ધ ન બનતાં જ્ઞાનવૃદ્ધ બનવાની તૈયારી કરી હોય છે.

મધ્યમાવસ્થાની જવાબદારીઓની અધિકતાને લઇને તથા ઈષ્ટ સિદ્ધિ માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવશ્યક પ્રતિદ્વન્દ્વતાને લઇને અધિકાંશ લોકો પોતાના સમાજમાં સ્નેહ તેમજ સહાનુભૂતિ સંપાદન કરવાનું કાંતો ભૂલી જાય છે અથવા તેની ઉપેક્ષા કરી બેસે છે. પરંતુ વૃદ્ધાવસ્થામાં સન્મિત્રો તેમજ સહાયકોની ઘણીજ જરૂર રહે છે. તેથી મધ્યમાવસ્થાની ઉપયોગિતા ત્યારેજ સિદ્ધ થઇ શકે છે કે જ્યારે તે અવસ્થાનાં સાતમાં કર્તવ્ય–સન્મિત્ર સંગ્રહનું યોગ્ય પાલન કરવામાં આવે છે. શરીર–શક્તિ ક્ષીણ થવાથી તથા મન ઉદાસીન થવાથી વૃદ્ધાવસ્થામાં સાચા મિત્રો અને શુભચિંતકોથી જે સુખ પ્રાપ્ત થાય છે તે અન્ય ઉપાયોથી થઇ શકતું નથી. આપણો સપ્રેમ આદર કરનાર મિત્રોજ આપણા દુઃખ તેમજ પરિશ્રમના ભાગીદાર બની શકે છે. આપણા ખિન્ન મનને પ્રસન્ન કરવા માટે તથા વિપન્ન દશા સુધારવા માટે પોતાના મિત્રોને અનેક પ્રકારની ચેષ્ટાઓ કરતા જોઇને એવો કયો વૃદ્ધ પુરૂષ હશે કે જે અલ્પ સમયને માટે પણ પોતાનું દુઃખ ભૂલી ન શકે? " પ્રસંગાનુસાર સહાયતા તથા પ્રેમ કરનાર દુષ્પ્રાપ્ય સ્નેહી સદ્‌ભાગ્યયોગે મને પ્રાપ્ત થયેલ છે " એમ વિચાર કરીને એવો કયો વૃદ્ધ પુરૂષ ક્ષણભર પોતાની જાતને ધન્ય નહિ માને? ખરેખર, એવો મિત્ર આ પ્રપંચી દુનિયામાં એક અમૂલ્ય રત્ન છે. એવા મિત્રને યથાસમય સંગ્રહ કરવા માટે પ્રત્યેક વ્યક્તિએ ઉદ્યોગ પરાયણ રહેવું જોઇએ. તરૂણ અવસ્થામાં એવા મિત્રોની સાથે ઉદારતા તથા સમતાભર્યું વર્તન રાખવાથી અને મધ્યમાવસ્થામાં નિષ્કપટ વ્યવહાર રાખવાથી તેનો પ્રેમભાવ દઢીભૂત થાય છે. તેથી કરીને જ્ઞાન–સંગ્રહની માફક સન્મિત્ર–સંગ્રહની પણ પરમ આવશ્યકતા છે.

પોતાની મિલ્કતની ઉત્તમ વ્યવસ્થા કરવી એ મધ્યમાવસ્થાનું આઠમું આવશ્યક કર્તવ્ય છે. જ્યાં સુધી એ પ્રબંધ નથી થતો ત્યાં સુધી વૃદ્ધાવસ્થામાં સુખ પ્રાપ્તિ અસંભવિત છે. પોતાના બાળ બચ્ચાં તથા કુટુંબીઓના શિક્ષણ તેમજ ભરણ પોષણ માટે યથાશક્તિ પ્રબંધ કરવો તે પ્રત્યેક સંસારી મનુષ્યનું કર્તવ્ય છે. એ કાર્ય વૃદ્ધાવસ્થા માટે છોડી દેવું ન જોઇએ, કેમકે પહેલાં તો વૃદ્ધાવસ્થા સુધી પહોંચવામાંજ શંકા રહેલી છે અને બીજુ એ કે કદાચ પરમાત્માની કૃપાથી વૃદ્ધાવસ્થામાં પહોંચી ગયા તોપણ તે અવસ્થા માટે ઘણાં કાર્યો મોજુદ રહે છે. એક જબરી ઉપેક્ષાનું છેવટે એક શોકમય પરિણામ આવે છે કે જે બાળકો તથા કુટુંબીઓને આપણે પ્રાણ સમાન પ્રિય સમજી હમેશાં તેઓના સુખ માટે પ્રયત્ન કરતાં કરતાં તેઓજ આપણા મૃત્યુ પછી આપણી સ્હેજ અસાવધાનતા અને વિચાર હીનતાને લઇને નજીવી બાબતો માટે દુઃખી થાય છે અને હમેશાં દરેક ઠેકાણે ઠોકર ખાતાં ફરે છે.

એ વખતે આપણી કોઇ પ્રીતિભાજન, સ્વદેશ અથવા સ્વજાતિ–હિતકારી સંસ્થાને કોઇ રકમ દાન સ્વરૂપે આપવી જોઇએ. તેનાથી યશ અને પુન્યની પ્રાપ્તિ થાય છે, પોતાના દેશભાઇઓનું હિત થાય છે અને સહન શીલતાનું ઉજ્વલ ઉદા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરણુ અન્ય ધનવાન લોકોને માર્ગદર્શક થઇ પડે છે. એ સામાન્ય અનુભવની વાત છે કે ઘણુાયે વિચારશીલ અને ધનવાન મનુષ્યો એ રીતે પરોપકાર કરવાની દૃઢ ઇચ્છા રાખે છે છતાં પણ તેઓ એ સદિચ્છા પૂર્ણ કરી શકતા નથી. તેનું કારણુ એ નથી હોઇ શકતું કે તેઓ એવી સંસ્થાઓને કાંઇ રકમ આપતાં અચકાય છે. તેઓની આંતરિક ઇચ્છા તો એવીજ રહ્યા કરે છે કે તેઓ કાંઇ એવું કાર્ય કરી નાંખે. પરંતુ તેનું સાચું કારણુ એ છે કે તેઓ તે કાર્ય પોતાનાં મૃત્યુ સમય માટે છોડી દે છે, જેથી તે પહેલા તેઓ પોતાની સદિચ્છા કદી પણુ પાર પાડી શકતા નથી.

મધ્યમાવસ્થામાં મનુષ્યનું અંતિમ પરંતુ સૌથી ઉત્તમ કર્તવ્ય આત્મ–નિરીક્ષણુનો અભ્યાસ પાડવાનું છે. તે માટે દૈનિક કાર્યોની એક રોજનિશિ રાખવાથી ઘણોજ લાભ થઇ શકે છે. તેની અંદર આપણા પોતા સંબંધી, આપણા પોતાના કુટુંબ, જાતિ, સમાજ અને દેશ સંબંધી તથા જેઓની સાથે આપણો ઘનિષ્ઠ સંબંધ હોય તેઓ સંબંધી સઘળી સુખ દુઃખમય મહત્ત્વપૂર્ણ ઘટનાઓનો યથાવત્ ઉલ્લેખ કરવો જોઇએ. તેની અંદર આપણી રહેણી કરણી તથા આચરણુની સઘળી ત્રુટીઓ તથા આવશ્યક કર્તવ્યોનું પણુ દિગદર્શન હોવું જોઇએ. કોઇની સાથે નવી શત્રુતા અથવા મિત્રતા થઇ હોય, વિવાદ અથવા વાતચીત થઇ હોય, કોઇ નવીન વસ્તુ જોવામાં આવી હોય અથવા કોઇ મુસાફરીનો વૃત્તાંત હોય તો તે સઘળી હકીકત સંક્ષેપમાં લખી લેવાથી મહાન લાભ થાય છે.

ઉપરના સંક્ષિપ્ત નિરૂપણુથી વાચકોને સારી રીતે સમજાયું હશે કે મધ્યમાવસ્થાના મુખ્ય કર્તવ્યો કયા કયા છે અને એ અવસ્થાનો સદુપયોગ કરીને મનુષ્ય આ જીવન–સંગ્રામમાં કેવી રીતે વિજય પ્રાપ્ત કરી શકે છે. સ્વાધ્યાય, પઠનપાઠન, અનુસંધાન, અવલોકન, સદ્‌ગુણાભિરૂચિ, વિદ્યાપ્રેમ આદિ અન્ય કર્તવ્યો એ અવસ્થાના છે. જેની ઉપયોગીતાનું વર્ણન વિસ્તારભયથી અત્ર કરવામાં આવતું નથી. ટુંકામાં, એ અવસ્થામાં મનુષ્યે એવાં કાર્યો કરવાં જોઇએ કે જે વડે તેને વૃદ્ધાવસ્થામાં સાચું સુખ મળી શકે; **पूर्वे वयसि तत्कुर्यात्येन वृद्धः सुखं वसेत्।** એ સૂત્ર બહુ મનન કરવા યોગ્ય છે. પરંતુ એ વાત એક ક્ષણુભર પણુ ભૂલી જવી ન જોઇએ કે વૃદ્ધાવસ્થાની સાથે સુખ પણુ પોતાની મેળે ચાલી આવતું નથી. એમ બનવું ત્રિકાલમાં પણુ અસંભવિત છે. વૃદ્ધાવસ્થામાં સુખ મેળવવા માટે પૂર્વ અવસ્થામાં ઘણીજ તજવીજ કરવી પડે છે. તે સમય જો આપણે આળસુ બની નકામો ગુમાવી દેશું તો તેનાં પરિણામરૂપ દુઃખ જ ભોગવવું પડશે એમાં સંદેહ નથી.

એ વિષે રાજર્ષિ ભર્તૃહરીજીએ યોગ્ય જ કહ્યું છે કેઃ—

**यावत्स्वस्थमिदं शरीरमरुजं यावज्जरा दूरतो**
**यावच्चेन्द्रियशक्तिरप्रतिहता यावत्क्षयो नायुषः ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान्
संदीप्ते भवने तु कूपखननं प्रत्युद्यमः कीदृशः ॥

અર્થાત્ જ્યાં સુધી મનુષ્યનું શરીર નીરોગી અને સ્વસ્થ રહે છે, જ્યાં સુધી તેની ઇન્દ્રિયો પોતપોતાનું કાર્ય સારી રીતે કરી શકે છે. જ્યાં સુધી વૃદ્ધાવસ્થા દૂર હોય છે અને જ્યાં સુધી તેનું આયુષ્ય ક્ષયોન્મુખ નથી હોતું ત્યાં સુધી વિદ્વાન અને સમજુ મનુષ્યે પોતાનું ઐહિક તથા પારલૌકિક હિતકાર્ય સાધી લેવું જોઇએ, કેમકે ઘરમાં આગ લાગ્યા પછી તે બુઝાવવા માટે તરતજ કુવો ખોદવાનો પ્રયત્ન મુર્ખાઇ ભરેલો તેમજ વ્યર્થ છે. ચાલુ—

# પ્રકીર્ણ.

## કાંકરોલી જૈનમંદિર માટે બનેલો ખેદકારક બનાવ.

શ્રી જૈન એસોશીએશન ઓફ ઇન્ડીયા મુંબઇ તરફથી કાંકરોલીખાતે જૈન મંદિરના બનાવ સંબંધે તપાસ કરવા ગયેલા પ્રતિનિધિ બંધુઓ શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલ તથા મગનલાલ એમ. શાહે ત્યાં જઇ કરેલી તપાસનો રીપોર્ટ અમોને પ્રસિદ્ધ કરવા મળેલો છે. જો કે આ આ રીપોર્ટ લંબાણુથી જૈનપત્ર, સાંજવર્તમાન, વગેરે દૈનિક પેપરોમાં પ્રસિદ્ધ થયેલો હોવાથી તે વિસ્તારથી ન લેતાં તે સબંધી અમારા વિચારો જણાવવા રજા લઇએ છીએ. ઉપરોકત પ્રતિનિધિઓ, જેઓએ કાંકરોલી જાતે જઇ તપાસ કરી જે રીપોર્ટ બ્હાર મુકયો છે, તે સત્ય એટલા માટે લાગે છે કે તે રીપોર્ટ વાંચતાં તેઓએ શાંતિ અને ડહાપણુથી યથાસ્થિત તપાસ કરી છે; હવે તેમાં જણાવેલી હકીકત સંબંધી કંઇ સમાલોચના કરવી તે અસ્થાને નથી.

ચાલુ જમાનામાં જ્યાં હિંદુ મુસલમાનનું ઐકય કરવાના અથાગ પ્રયત્નો થાય છે (જો કે ઘણે ભાગે અસંભવિત મનાતું) થતું જાય છે ત્યાં હિંદુ ધર્મ માનનારજ ધર્મના ઝગડાઓ ઉત્પન્ન કરી ઐકયને તોડે તે શરમાવનારૂં છે. અમો એક જૈન તરીકે નહિ પરંતુ ઉકત રીપોર્ટમાં જણાવેલી હકીકત વાંચતાં તટસ્થ રીતે કહેવા માગીએ છીએ કે, વૈશ્ણવ સંપ્રદાય અને તેમના ધર્મગુરૂએ નાહક કલેશ ઉત્પન્ન કરી જૈનધર્મનું અને તેના દેવનું ગંભીર અપમાન ભયંકર રીતે કર્યું છે જે અસહ્ય છે. એક તરફથી એમ માનો કે જૈનમંદિરને શિખર કર્યા સિવાય મંદિર કરવાની ગોસ્વામીએ રજા આપી હતી, તો હિંદુ ધર્મના કોઇ મંદિરો અને ખાસ વૈશ્ણવના કોઇપણ મંદિર શિખર વગરના હોય છે ? અથવા ત્યાં છે ? જ્યારે હિંદુ ધર્મના દરેક મંદિરોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિખર હોય છે અને તેજ ગામમાં છે તો જૈનમંદિરને શિખર નહિ કરવા દેવાનો હુકમ રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે એક વિચિત્ર ભ્રમણા–જોહુકમી અને અયોગ્ય સત્તાવાળોજ હતો, છતાં માનો કે તેવો હુકમ કર્યો હતો તેથીજ, તેમજ શિખર સિવાય જૈન મંદિરની પ્રતિષ્ઠા થતી ન હોવાથી જૈનમંદિરની પ્રતિષ્ઠાનું મુહૂર્ત નજીક આવતું હોવાથી શિખર માટે પ્રતિષ્ઠાની તારીખ સુધીમાં ખુલાસા માટે જૈનોએ રીતસર અરજ કરી પણ હતી. વહુજીમહારાજ બ્હારગામ હતાં, અને ત્યાં અરજ કર્યા છતાં પણ કાંઇ પણ ખુલાશો કે જવાબ પણ નહિ! તે શું સૂચવે છે! ધર્મ દ્વેષ અને અયોગ્ય સત્તા!! જ્યારે પ્રતિષ્ઠાની તારીખ સુધી જવાબ ન આવ્યો ત્યારેજ શિખર શિવાય પ્રતિષ્ઠા થતી ન હોવાથી તેજ અરસામાં શિખર કરી તુરતજ પ્રતિષ્ઠા કરી. જ્યારે વહુજી-મહારાજને આ ખબર પડ્યા ત્યારે શિખર કરવા ન દેવું તેવો જવાબ આપ્યો તે બાબતની ફરીયાદ ઉદેપુર સ્ટેટમાં ગઇ. હજુ તેનો ફેસલો નથી મળ્યો; આ કેસ ચાલ્યો પણ નથી, દરમ્યાન શિખર તોડવાનો હુકમ આપ્યો, તોડવા પ્રતિજ્ઞા કરી જેથી બળજોરીથી જૈનમંદિરનું શિખર તોડી નાંખી પ્રતિમાજીને ઉત્થાપન કરી કયાં લઇ ગયા તેના પણ પત્તો નથી. આ વૈશ્ણવો અને તેના ધર્મગુરૂઓએ જૈનધર્મ અને તેમના દેવનું નહિ સહન થઇ શકે તેવું અપમાન કર્યું છે, તેટલુંજ નહિ પરંતુ ચોર કોટવાળને દંડે તેમ ઉલટા જૈન ગૃહસ્થોને કેદમાં પુરવામાં આવ્યા. આ જમાનામાં જે બને નહિ, કોઇ હિંદુધર્મ અનુયાયી કે ધર્મગુરૂ કરે નહિ તેવું એક ઉચ્ચ હિંદુ કોમ તરીકે જૈનધર્મનું જુલ્માટભરી રીતે એવું અપમાન કર્યું છે કે, ભુતકાળમાં જેમ મુસલમાન રાજાઓએ હિંદુધર્મ, દેવળ અને મુર્તિઓનો નાશ કર્યો હતો તે યાદ આવતાં આ વૈષ્ણવ ધર્મવાળા અને તેમના ધર્મગુરૂનું આ વિપરીત કાર્ય તેને આબેહુબ મળતું આવે છે. તેથી આગળ જઇ–શ્રીસૌંદર્યવતી દેવીએ તો શિખર તોડવા તે ગામનું પાણી પણ હરામ કર્યું હતું. આ કેટલો અને કેવો જૈનધર્મ ઉપર દ્વેષ અને જુલમ? કોઇ હિંદુ-ધર્મ કે તેના અનુયાયી કે ધર્મગુરૂ આવું કાર્ય કરી શકેજ નહિ. આ કાળના ઇતિહાસમાં આ ખેદજનક બનાવ, ભૂતકાળના ઇતિહાસમાં મુસલમાન રાજાઓએ હિંદુ ધર્મનો નાશ કરવા કરેલા બનાવને મળતોજ નોંધાશે, ત્યારે એક વૈષ્ણવ જેવા હિંદુધર્મ માટે (જે દ્વેષ ધર્મ માટે હિંદુ મુસલમાન માટે હોય, તે)–આ કાળના અને ભવિષ્ય કાળના વાંચકો વાંચી હિંદની હિંદુ પ્રજાના અંદર અંદરનાં હિંદુ કોમને ન છાજે તેવા ધર્મના નાશ માટે આવા પ્રયત્નો બનવા માટે આંસુ સારશે–ખેદ કરશે. હિંદુ અને મુસલમાન ધર્મના બુદ્ધિ-શાળી મનુષ્યો કે જ્યાં સ્વરાજ્ય મેળવવા માટે દરેક પ્રજાની ઐકયતા જોવા ઇચ્છે છે, ત્યાં વૈષ્ણવ જેવી કોમ અને તેના ધર્મગુરૂ હિંદુધર્મના નાશના બનાવો ઉત્પન્ન કરે તે જોઇ, જાણી, સાંભળી પોતાના સ્વરાજ્યના પ્રયત્નમાં આવી બાબત ઉત્પન્ન થતાં, ખેદ ઉદભવતાં દેશનેતાઓ શિથીલ થઇ જાય તે બનવાજોગ છે. આ રીપોર્ટની હકીકત જાણી જૈન કોમને અસહ્ય ખેદ અને દુઃખ થાય તે સ્વભાવિક છે. આ કેસ ઉદેપુર રાજ્યમાં ચાલશે. તેથી પ્રતિષ્ઠા અને શિખર વિધિ સહીત થવાં માટે ઉદેપુર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નરેશને અરજી આપી ડેપ્યુટેશન જઇ સુલેહ-શાંતિથી નીકાલ લાવવાનો છે; પરંતુ તેમ થયા પછી કાંકરોલી ગામના ગાદીપતિ કે જે વૈષ્ણવ ધર્મગુરૂ છે તેને ઉદેપુર રાજ્યે દીવાની ફોજદારીની સત્તા આપી છે, અને જાણવા પ્રમાણે હાલ તે સગીર હોવાથી જેના હસ્તક વહીવટ છે તેઓ આવી આપખુદી સત્તા ફરી વાપરી જૈન મંદિર કે ધર્મને અડચણ ન કરે, જૈનો પણ તે સત્તાથી કચડાતા બચે તેટલા માટે મજકુર રીપોર્ટમાં બતાવ્યા પ્રમાણે સં. ૧૯૩૬ ની સાલમાં સગીર વયના ગાદીપતિની સત્તા લઇ લેવાનો પુરાવો મોજુદ છે, તેમ થવા જૈનોએ પ્રયત્ન કરવા જરૂર છે અને ભવિષ્યમાં જૈન કોમ જેવી શાંતિપ્રદ કોમની શાંતિનો સામી બાજુથી ગેરઉપયોગ થતાં આવા બનાવો ભવિષ્યમાં ન બને તેવા રીતસર પ્રયત્નો કરવા, જૈન સમાજના આગેવાનોએ જરૂર છે. આ બનાવ બન્યા પછી સામી બાજુવાળાએ અંદર અંદર સમાધાની કરવાને બદલે તેઓ ઘેર બેઠા પોતાના આ જુલમાટ કાર્યનો ખોટો બચાવ કરવા પેપરોમાં કેટલાક અસત્ય લેખો ખરી બીના છુપાવવા પ્રયત્ન કરે છે. જે કર્તવ્ય તેઓનું ડહાપણભરેલું નહોતું. અમો છેવટે જૈન સમાજને શાંતિથી કામ લેવા અને વૈષ્ણવ ધર્મગુરૂ મધુસુદનલાલજી તથા વહુજીમહારાજજી સૌંદર્યવતી જેઓ ત્યાંના સગીર ગાદીપતિના ખરા સહાયક છે તેમને સુચના કરવા રજા લઇયે છીએ કે, આ અત્યન્ત દુઃખદાયક તેમજ હૃદયદ્રાવક બનાવનો સદાને માટે અંત લાવી બંને હિંદુ મૂર્તિપૂજક કોમ વચ્ચે આ ઐક્યના જમાનામાં ફરી ઐક્યતા કરાવે અને પોતાની ભાઇબંધ જૈન કોમની દુઃખાયેલ લાગણીને શાંત કરી, સંતોષે. આ ખેદકારક બનાવને કદી ભુલી ન શકાય તેવો છતાં તેનો નીવેડો જલદીથી લાવી સુલેહ શાંતિ બંને કોમ વચ્ચે કાયમની સ્થપાય તેમ અમો ઇચ્છીયે છીયે.

## " સુધારો. "

ગયા અંકના પા. ૪૮ માં તીર્થંકરના નામકર્મ ઉપાર્જન કરવાના હેતુઓ એ લેખમાં પ્રેસ દોષથી રહેલી ભૂલો સુધારી નીચે મુજબ વાંચવી.

પાનું ૪૮ લાઇન ૨૦—" તીર્થંકરના કર્મનો તેને બદલે તીર્થંકર—નામકર્મનો. "
પાનું ૪૮ લાઇન ૨૬—" ચોવીશે પદનું તેને બદલે વીશે પદનું. "
પાનું ૪૯ લાઇન ૯—" નામાદિવિચાર ને બદલે નામાદિચાર. "
,, લાઇન ૨૭—" પૂર્વના ભવમાં ને બદલે પૂર્વે ત્રીજા ભવમાં. "
પાનું ૪૯ લાઇન ૨૨—" સ્વપરમનના જાણને બદલે સ્વપરમતના જાણ. "
,, લાઇન ૨૬—" આકને બદલે સાક. "
પાનું ૫૦ લાઇન ૨૦—" આ શંકાને બદલે આ શંસા. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શેઠ શામજી જસરાજનો સ્વર્ગવાસ.

ઉક્ત બંધુ શુમારે સતાવન વર્ષની ઉમ્મરે ચાલતા માસની શુદ ૭ બુધવારના રોજ માત્ર એક દિવસની બીમારી ભોગવી ગોઘા શહેરમાં સ્વર્ગવાસ પામ્યા છે, બંધુ શામજીભાઇ સ્વભાવે મિલનસાર, સરલ અને શાંત હૃદયના હતા, આ સભાના તેઓ શ્રી પ્રથમથી સભાસદ હોઇ ગુરૂભક્ત તેમજ સભા ઉપર પૂર્ણ પ્રેમ ધરાવતા હતા, ધર્મ ઉપર શ્રદ્ધાવાળા હતા, પરમાત્મા ભક્તિ—પૂજા ભણાવવા ઉપર તેઓને વિશેષ પ્રેમ હતો, તેઓના સ્વર્ગવાસથી આ સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે જે માટે આ સભા અત્યંત દીલગીર છે, તેમના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ એમ પ્રાર્થના કરીએ થીએ.

## નવા થયેલા માનવંતા સભાસદો.

### પેહેલા વર્ગના લાઇફ મેમ્બર.

૧ ઝવેરી લાલભાઇ કલ્યાણભાઇ રે૦ વડોદરા.
૨ યતીશ્રી મણીલાલજી દયાળચંદજી લખમીચંદજી રે૦ જખૌ (કચ્છ)
૩ શેઠ ભગવાનદાસ જેઠાભાઇ રે૦ મુંબઇ.

### બીજા વર્ગના લાઇફ મેમ્બર.

૪ શાહ અમરચંદ જેઠાભાઇ રે૦ ભાવનગર.
૫ શાહ તારાચંદ જીવણભાઇ રે૦ ભાવનગર.

### પે. વ. વાર્ષિક મેમ્બરો.

૬ શાહ ભુખણદાસ ભગવાનદાસ રે૦ ભરૂચ.
૭ ઝવેરી અંબાલાલ નાનાભાઇ વડોદરા.
૮ શાહ લલુભાઇ દેવચંદ ભાવનગર.
૯ શેઠ હીરાલાલ ગાંડાલાલ ભાવનગર.
૧૦ શેઠ ઝવેરચંદ જીવણદાસ. ,,
૧૧ શાહ ગોરધનદાસ ભગવાનદાસ ,,
૧૨ શાહ રાઘવજી શામજી. ,,
૧૩ શાહ નાનચંદ ઓધવજી ,,
૧૪ ભાવસાર નેમચંદ છગનલાલ ,,

## અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી,
૨ જૈન મેઘદૂત સટીક.
૩ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ
૪ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી ઉજમ બ્હેન તથા હરકોર બ્હેન તરફથી.
૬ ષટ્સ્થાનક સટીક.
૭ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૮ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૯ શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક.
૧૦ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૧૧ જૈન ગ્રંથ પ્રસસ્તિ સંગ્રહ.
૧૨ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૩ શ્રી નંદીસૂત્ર–શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા સાથે બુહારીવાળાશેઠ મોતીચંદ સુરચંદ તરફથી.
૧૪ શ્રી મંડલપ્રકરણ,
૧૫ ગુરૂતત્ત્વ વિનિશ્ચય શેઠ પરમાનંદદાસ રતનજી ગોઘાવાળા, હાલ મુંબઇ.
૧૬ શ્રી દેવેન્દ્ર નરકેન્દ્ર સ્તવ.
૧૭ ગુણમાળા (ભાષાંતર) શેઠ દુલભજી દેવાજી. રે. કરચલીયા–નવસારી
૧૮ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૯ દાનપ્રદીપ. ,,
૨૦ ધર્મરત્ન પ્રકરણ. ,,
૨૧ ચૈત્યવંદન મહાભાષ્ય (ભાષાંતર)
૨૨ નવતત્ત્વ ભાષ્ય (ભાષાંતર)
૨૩ શ્રી નેમિનાથ ચરિત્ર ભાષાંતર.
૨૪ પ્રભાવિક ચરિત્ર ભાષાંતર.
૨૫ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર (ભાષાંતર).
૨૬ શ્રી મહાવીર ચરિત્ર (ભાષાંતર).

નંબર ૧૮–૧૯–૨૦–૨૧–૨૨–૨૩–૨૪–૨૫–૨૬ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ એટલે શું ?

" જેઓ એમ માને છે કે ધર્મ એ કાંઇક બહારની વસ્તુ છે, જેઓ એમ સમજે છે કે અમુક ક્રિયાઓમાં જ ધર્મ છે અને જેઓ એમ સમજે છે કે, અમુક ગ્રંથ, અમુક ગુરૂ, તથા અમુક વિચારોમાંજ ધર્મ રહેલો છે તેઓ દયાને પાત્ર છે; કારણ કે તેઓ અંધકારમાં છે. જે લોકો એમ માને છે કે મનુષ્યને ધર્મની જરૂર નથી અને દુનિયામાં ધર્મ એવું કાંઇ છે જ નહિ તેઓ નરકમાં છે. માટે એ બેમાંથી કોઇ પણ એક બાજુ તરફ ન જતાં તટસ્થ રહીને મહાત્માઓ કહે છે કે, ધર્મ એટલે કર્તવ્ય. ધર્મ એટલે મનુષ્યત્વ. ધર્મ એટલે આંતરિક પ્રેરણા. ધર્મ એટલે સદ્વર્તન. ધર્મ એટલે જીંદગી ઉત્તમ રીતે ગાળવાનો રસ્તો. ધર્મ એટલે શાસ્ત્રમાં કહેલા આચાર વિચાર પાળવા તે. ધર્મ એટલે આપણી ઉત્તમ ભાવનાઓને ખીલવવી તે. ધર્મ એટલે ઇશ્વરને જાણવા માટેની માનસિક તથા વ્યવહારિ ક્રિયાઓ. ધર્મ એટલે ઉન્નતિ તરફ જવાની આપણામાં રહેલી કુદરતી પ્રેરણા. ધર્મ એટલે સાચો પુરૂષાર્થ. ધર્મ એટલે મનુષ્યની જીંદગીમાં જે ઉંચામાં ઉંચી મધુરતા આવી શકતી હોય તે. ધર્મ એટલે આપણી જીંદગીમાં સ્વાભાવિક રીતે જે કાંઇ ઉત્તમતા રહેલી છે તેનું બહાર પડવું તે. ધર્મ એટલે માણસથી જે કાંઇ છેવટમાં છેવટનાં સારામાં સારાં તત્વ મેળવી શકાય તે. ધર્મ એટલે સ્વાર્થવૃત્તિનો ત્યાગ. ધર્મ એટલે પોતાનું પોતાપણું ભૂલી જઇને ઇશ્વરને ખાતર જીવવું તે. ધર્મ એટલે મનુષ્યમાં જે મનુષ્યત્વ છે તે. ધર્મ એટલે અંતરનાં તાળાં ઉઘાડવાની કુંચી. ધર્મ એટલે અંતરનો બોજો હલકો થાય તેવી દવા. ધર્મ એટલે આત્માની આડે આવતાં આવરણો સ્વાભાવિક રીતે ઓછાં થાય તેવી ખુબી. ધર્મ એટલે પરમાત્મા માટે આપણો આત્મા તલપ્યા કરે તે અને ધર્મ એટલે આત્મા પોતાનું અસલ સ્વરૂપ મેળવે તે. એટલું જ નહિ પણ ધર્મ એટલે ઇશ્વર પોતે. કારણ કે સનાતન પવિત્ર આર્યધર્મનો એ મહા સિદ્ધાંત છે કે આત્મા પરમાત્મામાંથી થયેલો છે, આપણો આત્મા પરમાત્માનો અંશ છે અને આપણા આત્મામાં પરમાત્માની સત્તા વ્યાપી રહેલી છે. એટલું જ નહિ પણ આપણો આત્મા પરમાત્માથી થયેલો હોવાથી સર્વ શક્તિમાન પરમાત્મામાં જે મહાન ગુણો છે, અલૌકિક શાંતિ છે, અદ્ભુત આકર્ષણ છે, પરિપૂર્ણ સૌંદર્ય છે, અનંત જ્ઞાન છે, અખંડ ઐશ્વર્ય છે, પૂર્ણ સ્નેહ છે, આદિ અંત રહિત અમરપણું છે અને અખંડ આનંદ છે, તે સર્વ ગુણો આપણા પોતાના આત્મામાં અને જગતના સૌ જીવોમાં સ્વાભાવિક રીતે જ અતિશય રહેલા છે. × × × × × તેમાં ફેર એટલોજ કે પરમાત્મા સંપૂર્ણ છે ને આપણે અપૂર્ણ છીએ. તે મહાસાગર છે ને આપણે ટીપાં રૂપ છીએ. તે સ્વતંત્ર છે અને આપણે પરતંત્ર છીએ. તે માયાને વશ રાખવાવાળો છે ને માયાથી પર છે અને આપણે માયાને આધીન થયેલા છીયે. કુદરતી રીતે જ આમ હોવાથી અને સ્વાભાવિક રીતે જ આપણા આત્મામાં ઉપર કહ્યા તેવા ગુણો હોવાથી જીવ માત્રની પ્રકૃતિ જ એવી છે કે, કાંઈપણ કારણ વિના સ્વાભાવિક રીતે જ ઇશ્વર તરફ ખેંચાયા કરવું. આવી રીતે જીવ અને ઈશ્વરની વચ્ચે જે સ્વાભાવિક ખેંચાણ છે તેનું નામ ભક્તિ છે અને એ ખેંચાણ વધારવા માટે અંતરના તથા બહારના જે ઉપાયો છે તેનું નામ ધર્મ છે. × × × × × માટે પરમ કૃપાળુ પરમાત્મા તરફ ખેંચાવું અને તે રાજી થાય તેમ કરવું એ આપણી ફરજ છે અને એનું નામ ધર્મ છે. "

" સ્વર્ગની જીંદગીમાંથી "

For Private And Personal Use Only